અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ એપ્રિલ ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ચૈત્ર વદ ૬ | અંક : ૨૬૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### હુમલામાં ૧૩ લોકો માર્યા ગયા અને ઘણા ઘાયલ થયા

# યુદ્ધવિરામની ચર્ચા વચ્ચે ગાઝાના રફાહમાં ઇઝરાયલી સેનાએ હવાઈ હુમલો કર્યો

## આ બોમ્બ વિસ્ફોટ એવા સમયે કરવામાં આવ્યો હતો જ્યારે ઇજિપ્ત દ્વારા યજમાન હમાસના નેતાઓ સાથે ઇઝરાયેલ સાથે યુદ્ધવિરામ અંગે સંભવિત ચર્ચા થઇ શકે છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ । ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ અટકવાનું નામ નથી લઈ રહ્યું. દરમિયાન, ઈઝરાયેલે દક્ષિણ ગાઝાના રફાહ શહેર પર ઝડપી હવાઈ હુમલા કર્યા, જેમાં ૧૩ લોકો માર્યા ગયા અને ઘણા ઘાયલ થયા.ઈઝરાયેલના બોમ્બમારાથી બચવા માટે મોટી સંખ્યામાં લોકો રફાહમાં આશ્રય લઈ રહ્યા છે.

આ બોમ્બ વિસ્ફોટ એવા સમયે કરવામાં આવ્યો હતો જ્યારે ઈજિપ્ત દ્વારા યજમાન હમાસના નેતાઓ સાથે ઈઝરાયેલ સાથે યુદ્ધવિરામ અંગે સંભવિત ચર્ચા થઈ શકે છે. ઈઝરાયલે હમાસને જડમૂળથી ખતમ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. હમાસને ખતમ કરવા માટે શરૂ કરાયેલી ઈઝરાયેલ સૈન્ય કાર્યવાહીમાં ૩૪,૦૦૦ થી વધુ પેલેસ્ટિનિયન નાગરિકો મૃત્યુ પામ્યા છે. આ યુદ્ધને કારણે ૨૩ લાખ લોકોને વિસ્થાપિત થવું પડ્યું છે.હમાસના અધિકારીઓનું કહેવું છે કે ખલીલ અલ-હયાના નેતૃત્વમાં હમાસના અધિકારીઓ યુદ્ધવિરામ પ્રસ્તાવ પર ચર્ચા કરશે, જેમાં કતાર અને ઈજિપ્ત મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહ્યા છે.

હમાસે ફરીથી 'ટુ નેશન થિયરી' પર સમજૂતી થવાની સંભાવના વ્યક્ત કરી છે. પેલેસ્ટિનિયન સંગઠન હમાસ ૧૫ વર્ષથી વધુ સમયથી કહી રહ્યું છે કે તે ઈઝરાયેલ સાથે બે રાષ્ટ્રના કરારને સ્વીકારી શકે છે. પરંતુ હમાસે એ કહેવાનો પણ ઈન્કાર કર્યો છે કે તે ઈઝરાયેલને માન્યતા આપશે કે તેની સામે સશસ્ત્ર લડાઈ છોડી દેશે.ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ગયા વર્ષે ૭ ઓક્ટોબરથી યુદ્ધ ચાલી રહ્યું છે. હમાસે ઈઝરાયેલ પર પાંચ હજારથી વધુ રોકેટ છોડ્યા હતા. આ પછી ઈઝરાયલે યુદ્ધની જાહેરાત કરી દીધી હતી. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં અત્યાર સુધીમાં હજારો લોકોના મોત થયા છે. ઈઝરાયલે હમાસના હુમલાનો જવાબ એવી રીતે આપ્યો કે ગાઝામાં એક-બે હજાર નહીં પરંતુ ૩૪,૦૦૦ પેલેસ્ટિનિયનો માર્યા ગયા.

મૃત્યુ પામેલા લોકોમાં ૭૦ ટકા મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે - આમાંથી આશરે ૧૪,૩૫૦ બાળકો હતા. જો જોવામાં આવે તો, દરેક એક ઈઝરાયેલ માટે, નેતન્યાહુની સેનાએ ૨૭ પેલેસ્ટાઈનીઓને મારી નાખ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર સંગઠન અનુસાર, મૃતકોમાં સંયુક્ત રાષ્ટ્રના ૧૭૦ થી વધુ કર્મચારીઓ અને સાત વર્લ્ડ સેન્ટ્રલ કિચન કર્મચારીઓનો સમાવેશ થાય છે. પત્રકારો માટે કામ કરતી સંસ્થાના જણાવ્યા અનુસાર છ મહિનામાં ૯૦થી વધુ પત્રકારોએ જીવ ગુમાવ્યા છે.

### હેમંત સોરેનને રાહત ન મળી

## હેમંત સોરેનની અરજી પર સુપ્રીમમાં આગામી સુનાવણી ૬ મેના રોજ થશે

**હેમંત સોરેનનું કહેવું છે કે, તેમની પાર્ટીના પ્રચાર માટે ચૂંટણી દરમિયાન બહાર આવવું તેમના માટે જરૂરી છે**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ । લોકસભા ચૂંટણી વચ્ચે ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, EDની ધરપકડ અને કાર્યવાહી સામે ઝારખંડના પૂર્વ સીએમ હેમંત સોરેનની અરજી પર સુપ્રીમ કોર્ટમાં આગામી સુનાવણી ૬ મેના રોજ થશે. સુપ્રીમ કોર્ટે ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનની ધરપકડ અને EDની કાર્યવાહી સામેની તેમની અરજી પર નોટિસ જાહેર કરી છે. જમીન કૌભાંડ કેસમાં ધરપકડ કરાયેલા હેમંત સોરેનનું કહેવું છે કે, તેમની પાર્ટીના પ્રચાર માટે ચૂંટણી દરમિયાન બહાર આવવું જરૂરી છે. હેમંત સોરેને કેસની સુનાવણી દરમિયાન એમ પણ કહ્યું હતું કે, છેલ્લા ૨ મહિનાથી ધરપકડ સામેની તેમની અરજી પર હાઈકોર્ટે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, હાઈકોર્ટે પોતાનો નિર્ણય આપવા પર વિચાર કરવો જોઈએ. આ કેસની આગામી સુનાવણી ૬ મેના રોજ થશે. વાસ્તવમાં હેમંત સોરેને ધરપકડ બાદ ઝારખંડ હાઈકોર્ટમાં અરજી કરી હતી ૨૮ ફેબ્રુઆરીએ સુનાવણી પૂર્ણ કર્યા પછી કાર્યકારી ચીફ જસ્ટિસ એસ ચંદ્રશેખર અને જસ્ટિસ નવનીત કુમારની બેન્ચે નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો, પરંતુ હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. ૩૧ જાન્યુઆરીએ સોરેનની ધરપકડ બાદ સોરેને સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો, પરંતુ જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ બેલા એમ ત્રિવેદીની બેંચે હેમંત સોરેનને પહેલા ઝારખંડ હાઈકોર્ટમાં જવા કહ્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### CBIની તપાસનો વિરોધ કરતી અરજી પર સુનાવણી જુલાઈમાં થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ । વિવાદાસ્પદ એવા સંદેશખાલી મામલામાં તપાસ સીબીઆઈને સોંપવાની વિરુદ્ધ પશ્ચિમ બંગાળ સરકારની અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણીને લઈ મુદત પડી હતી. આ મામલે જુલાઈના બીજા સપ્તાહમાં હાથ સુનાવણઈ હાથ ધરવામાં આવશે. રાજ્ય સરકારે આ સુનાવણીને ૧ સપ્તાહ માટે જ ટાળવાની રજૂઆત કરી હતી. સુપ્રીમ કોર્ટે સાથે જ એ વાત પણ સ્પષ્ટ કરી છે કે આ મામલો હજી મુલત્વી હોવાની વાતનો આધાર બનાવીને રાજ્યની મમતા બેનર્જી સરકાર હોઈકોર્ટમાં કોઈ લાભ લેવાની કોશિશ કરશે નહીં. સુનાવણી દરમિયાન કોર્ટે એ વાત પર વાંધો વ્યક્ત કર્યો કે કોઈ ખાનગી વ્યક્તિની વિરુદ્ધ થઈ રહેલી તપાસનો રાજ્ય સરકાર વિરોધ કરી રહી છે.

### ટ્રૂડોની હાજરીમાં ખાલિસ્તાન તરફી નારા પોકારાયા હતા

। (એજન્સી) ઓટાવા, તા.૨૯ । કેનેડામાં રવિવારે ટોરંટો ખાતે ખાલસા દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ પણ હાજરી આપી હતી. આ દરમિયાન ખાલિસ્તાન તરફી નારા પોકારવામાં આવ્યા હતા. ખાલિસ્તાનના મુદ્દે તાજેતરમાં ભારત અને કેનેડા વચ્ચે વિવાદ થયો છે. ભારતે કેનેડા પર ખાલિસ્તાન તરફી તત્ત્વોને શરણ આપવાનો આરોપ મૂક્યો છે. આ કાર્યક્રમમાં ટ્રૂડોએ જાહેરાત કરી કે તેઓ શીખોના હિત અને સ્વતંત્રતાનું રક્ષણ કરશે. તેમણે કહ્યું કે તેઓ શીખ સમુદાયના રક્ષણ માટે હંમેશા હાજર રહેશે. આ પ્રસંગે જસ્ટિન ટ્રૂડોએ કહ્યું કે 'શીખોના જે મૂલ્યો છે તે કેનેડિયન મૂલ્યો છે' એટલે કે કેનેડા પણ શીખોના મૂલ્યોને માન આપે છે. આ દરમિયાન કેનેડાની સરકાર કોમ્યુનિટી સેન્ટરો અને ગુરુદ્વારા ખાતે વધારે સુરક્ષા બંદોબસ્ત કરી રહી છે. ટ્રૂડોએ ખાતરી આપી છે કે શીખ સમુદાયના હિતોનું કોઈ પણ ભોગે રક્ષણ કરવામાં આવશે. ખાલસા દિવસના કાર્યક્રમમાં કેનેડાના બીજા કેટલાક પક્ષોના નેતાઓ પણ હાજર હતા. ખાલસા દિવસને વૈશાખી તરીકે પણ ઓળખવામાં આવે છે જે શીખોનું નવું વર્ષ છે.

### ગરમીના લીધે ૨ લોકોના મોત નિપજ્યા

# મેદાની વિસ્તારોથી દક્ષિણ ભારત સુધી પ્રચંડ ગરમી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ । મેદાની વિસ્તારોથી દક્ષિણ ભારત સુધી પ્રચંડ ગરમી પડી રહી છે. ઘણા રાજ્યોમાં લૂનો કહેર જોવા મળી રહ્યો છે. યૂપી બિહારથી માંડીને પશ્ચિમ બંગાળ સુધી લૂનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તો બીજી તરફ કેરલમાં ભારે ગરમીની ચપેટમાં આવી જતાં બે લોકો બિમાર થઇ ગયા અને તેમનું મોત નિપજ્યું છે. મહારાષ્ટ્રની વાત કરીએ તો બીજી તરફ સોલાપુરમાં પારો ૪૩ ડિગ્રી સેલ્સિયસને પાર જતો રહ્યો અને સૌથી ગરમ દિવસનો રેકોર્ડ નોધાયો છે. આ દરમિયાન કેટલીક જગ્યાઓ પર વરસાદના અણસાર છે. આવો જાણીએ આજે તમારા રાજ્યમાં કેવું રહેશે હવામાન. સ્કાઈમેટ વેધર રિપોર્ટ અનુસાર આગામી ૪૮ કલાકમાં લદ્દાખ, જમ્મૂ કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ગિલગિટ-બાલ્ટિસ્તાન અને મુજફ્ફરબાદના ઘણા સ્થળો પર હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષાની સંભાવના છે. આ ઉપરાંત આજે જમ્મૂ કાશ્મીર, ગિલગિટ-બાલ્ટિસ્તાન, મુજફ્ફરબાદ અને હિમાચલ પ્રદેશના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ અને હિમવર્ષા થઇ શકે છે. તો બીજી તરફ ઉત્તરાખંડમાં હળવા વરસાદની સંભાવના છે. અરૂણાચલ પ્રદેશમાં પણ હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષાની સંભાવના છે. ઉત્તર-પૂર્વ ભારતમાં પણ એક-બે જગ્યાએ છૂટાછવાયા હળવા વરસાદની સાથે મધ્યમ વરસાદ પડી શકે છે. વિદર્ભ, મરાઠવાડા, છત્તીસગઢ, તેલંગાણા અને દક્ષિણ ઓડિશાના ભાગોમાં વરસાદ અને વાવાઝોડાની સંભાવના છે. તો બીજી તરફ પંજાબના ઉત્તરીય ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે છૂટાછવાયા કરા પડી શકે છે. ઉત્તર હરિયાણા અને ઉત્તર-પશ્ચિમ રાજસ્થાનમાં હળવો વરસાદ અને તોફાન થવાની શક્યતા છે. કેરળમાં પણ હળવો છૂટોછવાયો વરસાદ પડી શકે છે. કેરળમાં આકરી ગરમીના કારણે એક મહિલા સહિત બે લોકોના મોત થયા છે. આ બંને ઘટના કન્નુર અને પલક્કડમાં બની હતી. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આગામી પાંચ દિવસ સુધી ૧૨ જિલ્લાઓમાં તાપમાન મહત્તમ રહેશે.



### ભારે ગરમીએ લોકોને પરેશાન કરી દીધા

**પલક્કડ જિલ્લાના એલાપુલી ગામમાં રવિવારે એક ૯૦ વર્ષીય મહિલાની નહેરમાંથી મૃત હાલતમાં મળી આવી હતી. ઘરની બહાર આવ્યા બાદ ભારે ગરમીની ચપેટમાં આવી ગઇ હતી. આ દરમિયાન કન્નુર જિલ્લામાં, એક ૫૩ વર્ષીય વ્યક્તિનું રવિવારે વહેલી સવારે ખાનગી હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. તડકાની ઝપેટમાં આવી જતાં તેને ત્યાં સારવાર આપવામાં આવી રહી હતી. મહારાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં રવિવારે તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયું હતું. આ સિવાય સોલાપુરમાં તાપમાનનો પારો ૪૩.૭ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયો હતો અને તે સૌથી ગરમ સ્થળ બન્યું હતું. અહીં તાપમાન સામાન્ય કરતા ૨.૩ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયું હતું. રાયગઢ, મુંબઈ અને થાણે માટે હીટ વેવની ચેતવણી જાહેર કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર લઘુત્તમ તાપમાન પણ સામાન્ય કરતા ૧.૪ ડિગ્રી સેલ્સિયસ વધીને ૨૭.૬ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું છે.**

### ત્રીજા તબક્કાની ચૂંટણી યોજાવાની છે

# ૭મી મેના રોજ ગુજરાત સહિત અનેક રાજ્યોમાં શાળા કોલેજો બંધ રહેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ । દેશભરમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ના બે તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ચૂક્યું છે, હવે ત્રીજા તબક્કાના મતદાન માટે પ્રચાર તેજ થઈ ગયો છે. જ્યારે ત્રીજા તબક્કાની ચૂંટણી ૭ મેના રોજ યોજાવાની છે. જેને શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરાવવા માટે ચૂંટણી પંચે ત્રીજા તબક્કાની તમામ લોકસભા બેઠકો પર સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી છે. જ્યારે રાજકીય પાર્ટીઓ તેમના પક્ષનો પ્રચાર જોર -શોરથી કરવામાં લાગેલા છે. ઉમેદવારો એડી ચોંટીનું જોર લગાવી જીતવા માટેના તમામ પ્રયાસો કરી રહ્યા છે. ત્રીજા તબક્કામાં ૧૨ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશની ૯૪ બેઠકો પર મતદાન થવાનું છે. જેમાં દેશના રાજ્યો આસામ, બિહાર, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, દાદરા નગર હવેલી, દમણ અને દીવ અને જમ્મુ-કાશ્મીર સામેલ છે. તેથી ત્રીજા તબક્કામાં જ્યાં પણ મતદાન થવાનું છે ત્યાં શાળા-કોલેજોને જાહેર રજા ઘોષિત કરવામાં આવી છે.

### અનામત મુદ્દે અમિત શાહના નકલી વીડિયોનો મામલો

# તેલંગાણાના સીએમ રેવંત રેડ્ડીને દિલ્હી પોલીસનું તેડું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ । સોશિયલ મીડિયામાં વાયરલ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના નકલી વીડિયોના કેસમાં દિલ્હી પોલીસે તેલંગાણાના મુખ્યમંત્રી અને કોંગ્રેસ નેતા રેવંત રેડ્ડીને સમન્સ પાઠવ્યું છે. દિલ્હી પોલીસે પહેલી મેના રોજ તેમને હાજર રહેવાનું જણાવ્યું છે. આ દરમિયાન પોલીસે તેમને પોતાનો મોબાઈલ ફોન અને અન્ય ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ પણ સાથે લાવવા કહ્યું છે. આ કેસમાં પોલીસે આસામના એક શખસની પણ ધરપકડ કરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, નકલી વીડિયો શેર કરવા મામલે કોંગ્રેસના કેટલાક નેતાઓ સહિત પાંચ અન્ય લોકોને પણ દિલ્હી પોલીસ બોલાવશે. ઉલ્લેખનીય છે કે, ગૃહમંત્રાલય અને ભાજપ દ્વારા આ મામલે દિલ્હી પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો છે કે, કેટલાક લોકો દ્વારા સમાજમાં વૈમનસ્ય ઊભું કરવાના બદઈરાદે વીડિયોમાં છેડછાડ કરી તેને મીડિયા પર શેર કરાયો છે. આ કારણે શાંતિ વ્યવસ્થા ડહોળાવાની સંભાવના છે. દિલ્હી પોલીસે તેલંગાણાના મુખ્યમંત્રી નોટિસ પાઠવીને મોબાઈલ ફોન પણ સાથે લાવવા આદેશ આપ્યો છે.




સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper
LIVE cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

**ન્યૂઝ બ્રિફ**

## આગામી પાંચ દિવસ ગુજરાતનું વાતાવરણ શુષ્ક રહેશે : હવામાન વિભાગ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

હાલ ગુજરાતમાં કાળઝાળ ગરમીની સાથે સાથે વરસાદનો પ્રકોપ પણ જોવા મળ્યો હતો. ત્યારે આજે રવિવારે હવામાન વિભાગે દ્વારા ગુજરાતનું વાતાવરણ કેવું રહેશે તે અંગેની આગાહી કરી છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ માટે ગુજરાતમાં વરસાદ અને ગરમી અંગેની આગાહી કરી છે. અમદાવાદ હવામાન વિભાગના મોસમ વૈજ્ઞાનિક, અભિમન્યુ ચૌહાણે ગુજરાતમાં આગામી પાંચ દિવસના હવામાન અંગેની આગાહી કરી છે. જેમા તેમણે જણાવ્યુ છે કે, આગામી પાંચ દિવસ ગુજરાતનું વાતાવરણ શુષ્ક રહેશે, રાજ્યના મહત્તમ તાપ માનમાં કોઈ મોટા ફેરફાર થવાના નથી. તાપમાન યથાવત રહેશે. આ સાથે તેમણે એમ પણ જણાવ્યુ કે, કેટલાક વિસ્તારોમાં એકાદ ડિગ્રી તાપ માનમાં વધારો થઈ શકે છે. મોસમ વૈજ્ઞાનિકે આજે આગાહીમાં જણાવ્યુ કે, રાજ્યમાં અત્યારની સ્થિતિમાં હીટવેવની કોઈ વોર્નિંગ આપવામાં નથી આવી. છેલ્લા ૨૪ કલાકમાં મહત્તમ અમદાવાદમાં ૩૯.૮ ડિગ્રી અને ગાંધીનગરમાં ૩૭.૪ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયુ છે.

## રાજકોટમાં રૂપાલાની સભા રદ તો ભાવનગર-જામનગરમાં વિરોધ

। (એજન્સી) રાજકોટ, તા.૨૯ ।

પરશોત્તમ રૂપાલાના નિવેદનને લઈ ક્ષત્રિય સમાજમાં આક્રોશ યથાવત છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી જામનગર, ભાવનગર, રાજકોટમાં ક્ષત્રિય સમાજના આગેવાનોએ વિરોધ નોંધાવ્યો છે. ભાવનગર શહેરમાં ભાજપના ઉમેદવાર નીમુબેન બાંભણિયાના ચાલુ કાર્યક્રમ દરમિયાન સ્ટેજ પાસે પહોંચીને ક્ષત્રિય સમાજના આગેવાનોએ સૂત્રોચાર કર્યા હતા. જો કે એક સાથે મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના યુવાનો ભાજપના ચાલું કાર્યક્રમમાં અચાનક પહોંચી જતા કાર્યક્રમ થોડીવાર માટે સ્થગિત થયો હતો.આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ અભયભાઈ ચૌહાણ અને ભાજપના ઉમેદવાર નીમુબેન બાંભણિયા સહીતના નેતાઓ હાજર હતાં. જો કે કાર્યક્રમ સ્થળેથી પોલીસે વિરોધ કરી રહેલા ક્ષત્રિય સમાજના યુવાનોને બહાર લઈ જવામાં આવ્યાં હતાં. તો આ,તરફ છેલ્લા બે દિવસથી ભાવનગરમાં ક્ષત્રિયો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ભાજપ વિરૂદ્ધ ભાવનગરમાં શુક્રવારે અને શનિવારે વિરોધ પ્રદર્શન થયું છે. પૂનમ માડમના પ્રચાર કાર્યક્રમનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. તો રાજકોટમાં પણ વિરોધના કારણે રૂપાલાનો ગઈકાલે કાર્યક્રમ રદ કરવો પડ્યો હતો. રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ સામે અભદ્ર ટિપ્પણી કરી હતી તેથી ક્ષત્રિય સમાજના લોકોમાં રોષ ફેલાયો હતો અને ક્ષત્રિયસમાજના લોકોએ રૂપાલાની ટિકિટ રદ કરવા માંગણી કરી હતી પરંતુ ભાજપે રૂપાલાની ટિકિટ રદ કરી નથી જેના પગલે હવે ક્ષત્રિય સમાજના લોકોએ ભાજપનો વિરોધ શરૂ કર્યો છે. આ દરમિયાન નર્મદાના ક્ષત્રિય સમાજના ભાજપના આગેવાનોએ રાજીનામાં ધરી દેતા હડકંપ મચ્યો છે.

### પાટણમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી રેલીને સંબોધિત કરી

# દરેક પરિવારની મહિલાના ખાતામાં વાર્ષિક એક લાખ જમા કરીશું: રાહુલ

### દેશમાં ૯૦ ટકા લોકો GST ચૂકવે છે અને ૨૨ લોકોના ખિસ્સામાં આ જીએસટી જાય છે : ૨૪ કલાક કામ કરનાર ખેડૂતો પણ જીએસટી ચૂકવે છે : રાહુલ ગાંધી



। (એજન્સી) પાટણ, તા.૨૯ ।

ગુજરાતમાં ૭ મેએ ત્રીજા તબક્કામાં મતદાન થવાનું છે. રાજકીય પાર્ટીઓ જોરશોરથી ચૂંટણી પ્રચાર કરી રહી છે. આજે પાટણમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. પાટણમાં કોગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી રેલીને સંબોધિત કરી હતી. ચૂંટણી સભામાં શક્તિસિંહ, જગદીશ ઠાકોર સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. રાહુલ ગાંધીએ 'જય બહુચર માતાજી, જય અંબાજી બોલીને કરી સંબોધનની શરૂઆત કરી હતી. વધુમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે દેશમાં ૯૦ ટકા લોકો GST ચૂકવે છે અને ૨૨ લોકોના ખિસ્સામાં આ જીએસટી જાય છે. ૨૪ કલાક કામ કરનાર ખેડૂતો પણ જીએસટી ચૂકવે છે. ખેડૂતોનું દેવુ માફ કેમ નથી કરવામાં આવતુ નથી. ૨૨ લોકોની વડાપ્રધાન મોદી સાથે દોસ્તી છે. કોંગ્રેસનું પ્રથમ કામ જાતિ જનગણના હશે. જાતિ જનગણના બાદ દૂધનું દૂધ, પાણીનું પાણી થઈ જશે.

રાહુલ ગાંધીએ કહ્યું હતું કે લોકસભા ચૂંટણીમાં બે વિચારધારાની લડાઈ છે. ભાજપ-RSSના લોકો બંધારણને ખત્મ કરવા માંગે છે. કોંગ્રેસ-ગઠબંધન બંધારણની રક્ષા કરે છે. બંધારણ બદલવાનું ભાજપના નેતાઓ જાહેરમાં બોલે છે. બંધારણ જ ગરીબોની રક્ષા કરે છે. ૨૨-૨૫ લોકો હિંદુસ્તાનના રૂપિયાને કંટ્રોલ કરે એ પીએમની ઈચ્છા છે. ૨૨ લોકોની સંપતિ ૭૦ કરોડ ભારતીયો જેટલી છે. યુપીએની સરકારમાં ખેડૂતો પરનું દેવું માફ કરાયું હતું. મોદી સરકાર ઉદ્યોગતિની સરકાર છે. ખેડૂતો, વેપારીઓનો ફાયદો ઉદ્યોગપતિઓ જોઈ શકતા નથી. ભાજપ ના નેતાઓ અનામત ખત્મ કરવા માંગે છે. દેશમાં ગરીબો, દલિતો, આદિવાસીઓ માટે અનામત છે. હિંદુસ્તાનમાં સૌથી મોટો મુદ્દો બેરોજગારી છે. હિંદુસ્તાનમાં સૌથી મોટો મુદ્દો ખેડૂતોની સ્થિતિ છે. અત્યારે યુવાઓ રોજગારી માટે ભટકે છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે જાતિ જનગણના બાદ દૂધનું દૂધ, પાણીનું પાણી થઈ જશે. મહાલક્ષ્મી યોજનાથી મહિલાઓને આર્થિક મદદ કરીશું. દરેક પરિવારની મહિલાના ખાતામાં વાર્ષિક એક લાખ જમા કરીશુ. દરેક મહિલાના ખાતામાં ૮૫૦૦ જમા કરીશુ. ગરીબી રેખાની બહાર નહીં આવે ત્યાં સુધી મદદ મળતી રહેશે. 'પહેલી નોકરી પક્કી' યોજનાથી ગ્રેજ્યુએટ યુવાનને મદદ મળશે. યુવાન એક વર્ષ સુધીની સરકાર પાસેથી નોકરીની ગેરેન્ટી માંગી શકશે. યુવાનોને એક વર્ષની ટોપઓફ વર્કની ટ્રેનિંગ આપીશુ. રાહુલ ગાંધીએ ભાષણમાં ભાવનગરના મહારાજાને યાદ કર્યા હતા. દેશને રાજ અર્પણ કરનાર ભાવનગરના મહારાજાનો રાહુલે આભાર માન્યો હતો. રાહુલે કહ્યું કે દેશને રાજ સમર્પિત કરનાર ભાવનગરના મહારાજાને યાદ કરું છું. પાટણ લોકસભા બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર ચંદનજી ઠાકોરના પ્રચાર માટે કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી પાટણના પ્રગતિ મેદાન ખાતે આજે સભાને સંબોધન કરી હતી.

કોંગ્રેસના ઉમેદવાર ચંદનજી ઠાકોરને વધુમાં વધુ મત આપી વિજય બનાવવા મતદારોને અપીલ કરવા રાહુલ ગાંધી પાટણની મુલાકાતે આવ્યા હતા. જેને પગલે કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ તકે રાહુલ ગાંધીએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. તો બીજી તરફ રાહુલ ગાંધીના રાજા મહારાજાઓ વિશે કરેલા નિવેદનના વિરોધમાં પાટણ ક્ષત્રિય સમાજના આગેવાનોએ ટી.બી ત્રણ રસ્તા ખાતે કાળાવાવટા ફરકાવી વિરોધ પ્રદર્શન કર્યો હતો. જેથી પોલીસે ૧૨ લોકોની અટકાયત કરી હતી.

### સુરત શહેરમાં ફરી એક વખત લિફ્ટ તૂટી પડવાની ઘટના સામે આવી

## સુરતમાં એપાર્ટમેન્ટની લિફ્ટ ચોથા માળેથી તૂટી પડતાં ચાર ઘાયલ

। (એજન્સી) સુરત, તા.૨૯ ।

વેડરોડ વિસ્તારમાં આવેલા મોતી પેલેસ એપાર્ટમેન્ટમાં લિફ્ટ અકસ્માતની ઘટના ઘટી છે. લોક તૂટી પડતા લિફ્ટ સીધી જ ૪થા માળેથી ગ્રાઉન્ડ ફલોર પર ધડાકાભેર પટકાઈ હતી. આ અકસ્માતમાં ૧ મહિલા સહિત કુલ ૩ ઘાયલ થયા હતા. ફાયર વિભાગે ઘાયલોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. સુરત શહેરમાં ફરી એક વખત લિફ્ટ તૂટી પડવાની ઘટના સામે આવી છે. આ વખતે વેડ રોડ વિસ્તાર ખાતે બની છે. મોતી પેલેસ એપાર્ટમેન્ટના લોકો જ્યારે સવારે લિફ્ટનો ઉપયોગ કરી રહ્યા હતા ત્યારે અચાનક જ લિફ્ટ ૪થા માળેથી નીચે પટકાઈ હતી. હાલ સીસીટીવી ફૂટે સામે આવ્યા છે. લિફ્ટની અંદર લગાડવામાં આવેલા સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટપણે જોવા મળે છે કે ૧ મહિલા અને ૧ બાળકી પહેલાથી જ લિફ્ટમાં છે અને ૨ લોકો ફોન પર વાત કરતા લિફ્ટની અંદર પ્રવેશ કરે છે. મહિલા જ્યારે વ્યક્તિ સાથે વાત કરી રહી હતી ત્યારે અચાનક જ લિફ્ટ વાયબ્રેટ થવા લાગી હતી. ત્યારબાદ લિફ્ટ ૪થા માળેથી સીધે ગ્રાઉન્ડ ફ્લોર પર પટકાઈ હતી. લિફ્ટની અંદર લગાડવામાં આવેલા ઉપકરણ પણ તૂટી ગયા હતા અને સાથે સીસીટીવી કેમેરા પણ ક્ષતિગ્રસ્ત થયા હતા. એપાર્ટમેન્ટના પ્રમુખ મિથુન ટેલરે જણાવ્યું હતું કે, રવિવારે ૩ કલાક સુધી આ લિફ્ટ રિપેર કરવામાં આવી હતી. બુધવારે એપાર્ટમેન્ટમાં રહેતા બંને ભાઈઓ લિફ્ટથી ગ્રાઉન્ડ ફ્લોર પર જઈ રહ્યા હતા ત્યારે અચાનક લિફ્ટ તૂટી ગઈ હતી. બંને ભાઈઓને ઈજા થઈ હતી. લિફ્ટમાં ૧ મહિલા પણ હતી જે અહીં ઘરે કામ કરવા માટે આવે છે તેમને પણ ઈજા થઈ હતી. અમે વારંવાર લિફ્ટ અંગે ફરિયાદ કરી ચૂક્યા છે પરંતુ બિલ્ડરે ધ્યાન આપ્યું નહતું. આ બિલ્ડીંગ બનીને ૨ વર્ષ થયા છે. ફાયર સેફટી સહિત અન્ય સાધનો નથી. ઈજાગ્રસ્ત થયેલા રૂશાલીબેને જણાવ્યું હતું કે, હું લિફ્ટમાં હતી ત્યારે અચાનક જ લિફ્ટ નીચે પડી ગઈ જેના કારણે અમને ઈજા થઈ છે. અંદર ધુમાડા થઈ ગયા અને માટી આવી ગઈ હતી. ફાયર બ્રિગેડે કહ્યું હતું કે, તમામ લોકોને સુરક્ષિત કાઢવામાં આવ્યા હતા. એપાર્ટમેન્ટમાં જ રહેતા ૨ લોકોને ઈજા થઈ હતી, ૧ હાલ હોસ્પિટલમાં છે અને બીજાને સારવાર આપી ઘરે મોકલી આપવામાં આવ્યા હતા.

### ગરમીમાં શેકાવા થઈ જાવ તૈયાર

# સૌરાષ્ટ્રમાં 3 દિવસ ગરમીનું યલો એલર્ટ જાહેર કરાયું

### દરિયાકાંઠા વિસ્તારોમાં ભેજ રેહતા ડિસ્કમ્ફર્ટ અલર્ટ અપાયું છે અમદાવાદ-ગાંધીનગરમાં તાપમાન ૪૧ ડિગ્રી આસપાસ રહેશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

રાજ્યમાં ગરમીનો પારો ઉંચકાઈ રહ્યો છે. આ દરમિયાન હવામાન વિભાગે ફરીથી રાજ્યમાં કાળઝાળ ગરમી પડવાની આગાહી કરી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણના જણાવ્યા મુજબ, સૌરાષ્ટ્ર સહિત દરિયાકાંઠા વિસ્તારમાં હીટવેવની આગાહી છે. પોરબંદર, ભાવનગર અને દીવમાં હીટવેવની આગાહી છે. સૌરાષ્ટ્રમાં ૩ દિવસ ગરમીનું યેલો અલર્ટ આપવામાં આવ્યું છે. દરિયાકાંઠા વિસ્તારોમાં ભેજ રેહતા ડિસ્કમ્ફર્ટ અલર્ટ અપાયું છે. અમદાવાદ અને ગાંધીનગરમાં તાપ માન ૪૧ ડિગ્રી આસપાસ રહેશે.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દેશના ઉત્તર-પૂર્વના કેટલાક રાજ્યો અને દક્ષિણ ભારતના રાજ્યોમાં લોકોને ગરમીથી રાહત મળવાની નથી. વિભાગે કહ્યું છે કે આસામ, મેઘાલય, ત્રિપુરા, કેરળ, માહે અને તટીય કર્ણાટકમાં ભેજ અને ગરમ હવામાનને કારણે લોકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. IMD દ્વારા ૧૩ રાજ્યોમાં હીટવેવ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. સૌથી તીવ્ર હીટવેવ ગંગા, પશ્ચિમ બંગાળ, બિહાર અને ઝારખંડ, ઓડિશાના ભાગોમાં જોવા મળશે. પૂર્વ ઉત્તર પ્રદેશ અને સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ ગરમ રાતનો સામનો કરવો પડશે. હવામાન વિભાગે જણાવ્યું છે કે પૂર્વી ઉત્તર પ્રદેશ, સૌરાષ્ટ્ર અને કચ્છ, હિમાલયન પશ્ચિમ બંગાળ, કોંકણ અને ગોવા, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલ, તટીય આંધ્રપ્રદેશ અને યાનમ, તેલંગાણા, રાયલસીમા અને આંતરિક કર્ણાટકમાં લોકોને ગરમીનો સામનો કરવો પડશે. બિહારના ૧૮ જિલ્લામાં ગરમીનું મોજુ પ્રવર્તી રહ્યું છે. પટના, ઔરંગાબાદ, શેખપુરા, નવાદા, મુઝફ્ફરપુર જેવા જિલ્લાઓમાં ગરમીની લહેર પ્રવર્તી રહી છે. લખનૌ હવામાન કેન્દ્રે પૂર્વી ઉત્તર પ્રદેશમાં ગરમીના મોજાની યલો એલર્ટ ચેતવણી જારી કરી છે. દિલ્હીમાં તાપમાન ૪૦ને પાર કરી રહ્યું છે અને અત્યારે વરસાદની કોઈ શક્યતા નથી.

IMD અનુસાર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને પંજાબમાં વીજળી સાથે તોફાન, ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન અને કરા પડવાની સંભાવના છે. જમ્મુ-કાશ્મીર, લદાખ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં તેજ પવન સાથે વીજળી પડવાની છે. ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં જોરદાર પવન પણ ફૂંકાશે. દિલ્હી-એનસીઆર, હરિયાણા અને ચંદીગઢમાં લોકોને વીજળીની સાથે ધૂળની ડમરીઓનો સામનો કરવો પડશે.

### પરેશા ધાનાણીએ નવો વિવાદ ઉભો કર્યો

# ધાનાણીએ પાટીદારો અને બાપુઓને કહ્યાં હરખ પદુડા

### ધાનાણીએ ગોવાળિયા બની હેરસભાના મંચ પર પહોંચ્યા હતા: રાજકોટના વિવિધ સ્થળો પર જાહેરસભાનું આયોજન

। (એજન્સી) રાજકોટ, તા.૨૯ ।

રાજકોટમાં કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીના એક નિવેદનથી વિવાદ સર્જાયો છે. પરેશ ધાનાણીએ પટેલ અને ક્ષત્રિયોને હરખ પદુડા કહ્યાં છે. ધાનાણીમાં ઉપયોગમાં લીધેલા શબ્દથી નવો રાજકીય વિવાદ શરૂ થયો છે. ધાનાણી ભાજપના શરૂઆતના સમયનું ઉદાહરણ આપી રહ્યા હતા. ત્યારે તેમણે કહ્યું કે, ભાજપના બીને પટેલ અને ક્ષત્રિયોએ પાણી પાયું છે. ૨૦૧૫માં અમને ખબર પડી અને હવે ક્ષત્રિયોનો વારો આવ્યો. આમ, ધાનાણીએ કરેલા વાણી વિલાસ બાદ ભાજપે સવાલ ઉઠાવ્યા છે.

ચૂંટણી પ્રચાર દરમિયાન પરેશ ધાનાણીએ પટેલ અને બાપુઓને હરખ પદુડા કહ્યાં છે. ગત રાત્રિએ મરછા નગરમાં યોજાયેલ સભામાં ધાનાણીએ વર્ષ ૧૯૯૫ નું ઉદાહરણ આપી કહ્યું કે, ભ્રષ્ટાચાર નાબુદ કરવા આપણે ભાજપનું બી વાવ્યું. પટેલિયાવ અને બાપુએ હરખ પદુડા થઈ દરરોજ ભાજપના બીને ૧૦ ડોલ પાણી પાયું છે. વર્ષ ૨૦૧૫માં અમને ખ્યાલ આવ્યો તો વાહા ફાટી ગયા, બધા સમાજનો વારો આવી ગયો, બાપુ બચ્યા હતા તો હવે ઝપટે ચડ્યા. આમ, ધાનાણીના મુખેથી નીકળેલ પટેલ સમાજ અને બાપુ એટલે ક્ષત્રિય સમાજ માટે હરખ પદુડા શબ્દનો વિવાદ થયો છે. પરેશ ધાનાણી સામે સવાલો થઈ રહ્યાં છે. કોઈ સમાજને હરખ પદુડા કહી વાણી વિલાસ કરવો કેટલો યોગ્ય ?

તો પરેશ ધાનાણીના નિવેદન મામલે ભરત બોઘરાની પ્રતિક્રિયા આવી છે. તેમણે કહ્યું કે, ભય, ભૂખ અને ભ્રષ્ટાચારને દૂર કરવા ભાજપના બીજ વાવ્યા છે. ૧૮ વરણ દ્વારા ભાજપના બીજ વાવ્યા હતા. પટેલો અને બાપુઓએ હરખપદુડા થઈ ભાજપને વટ વૃક્ષ બનાવવા માટે સિંચન કર્યું છે. ૨૦૧૫માં અમારે અખતરો કરવાનો થયો ત્યારે ખબર પડી કે વાસા ફાટી ગયા. અમારી બહેનો દીકરીઓને માર મારવામાં આવ્યો હતો. પટેલો હરખપદુડા નહિ બુધ્ધિશાળી કોમ છે. કોંગ્રેસને પણ પટેલોએ જ સત્તા આપી હતી. પરંતુ ગુંડાગીરી અને દાદાગીરીથી કંટાળીને પટેલો ગુજરાતમાં પરિવર્તન લાવ્યા છે. આજે ગુજરાતના ૧૮ વર્ષ છેલ્લા ૨૮ વર્ષથી ભાજપને સત્તામાં લાવે છે. ભરત બોઘરાનાં નિવેદન મામલે પરેશ ધાનાણીએ જવાબમાં કહ્યું કે, કોંગ્રેસનો નહિ ભાજપનો ઘાણવો દાઝેલા છે. ભાજપે એટલે અમરેલીથી રૂપાલાને રાજકોટ મૂક્યા. પટેલ અને દરબારે બીજ રોપ્યા એટલે જ ભાજપ વટવૃક્ષ બન્યું છે. રાજકોટ ભાજપનો કકળાટ કાઢવા અમરેલીથી ઉમેદવાર મૂક્યા. આ અહંકારને ડામવા હું પણ રાજકોટ એટલે જ આવ્યો છું.

### ADR રિપોર્ટમાં થયો ચોંકાવનારો ખુલાસો

# ગુજરાતમાં ભાજપના ૨૬ પૈકી ૨૪ ઉમેદવાર કરોડપતિ

### ગુજરાતમાં કોંગ્રેસના ૨૩ પૈકી ૨૧ ઉમેદવાર કરોડપતિ છે : ૬૩૯ ઉમેદવારોનો અભ્યાસ ધો. ૫ થી ૧૨ સુધીનો

લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં ઉમેદવારોને લઈને ADR રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો. એડીઆરના રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં ભાજપના ૨૬ ઉમેદવારમાંથી ૪ ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે જ્યારે કોંગ્રેસના ૨૩ ઉમેદવારમાંથી ૬ ઉમેદવારોનો ગુનાહિત ઈતિહાસ છે.રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં ભાજપના ૨૬ પૈકી ૨૪ ઉમેદવાર કરોડપતિ છે. ગુજરાતમાં કોંગ્રેસના ૨૩ પૈકી ૨૧ ઉમેદવાર કરોડપતિ છે. ગુજરાતમા સૌથી વધુ આવક અને સંપત્તિ ધરાવતા ઉમેદવાર ભાજપના ઉમેદવાર પૂનમ માડમ છે તેમની પાસે ૧૪૭ કરોડની સંપતિ છે. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ પાસે ૬૫ જ્યારે સી.આર.પાટીલ પાસે ૩૯ કરોડની સંપતિ છે.

લોકસભાની ૨૦૨૪ ચૂંટણીના ત્રીજા તબક્કાનું ૭ મે રોજ મતદાન થવાનું છે. તે અગાઉ ADR દ્વારા ચૂંટણી લડતા ઉમેદવારોના શિક્ષણ,સંપતિ અને ગુનાહિત ઈતિહાસ અંગેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.જેમાં ગુજરાતમાં ૨૫ બેઠકો પરના ઉમેદવારો અંગેની જાણકારી આ રિપોર્ટમાં મેળવીશું. પ્રત્યેક ચૂંટણી દરમિયાન એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ એટલે ADR દ્વારા દેશમાં ત્રીજા તબક્કામાં ચૂંટણી લડી રહેલા ૧૩૫૨ ઉમેદવારોની સંપત્તિ, શિક્ષણ અને ગુનાહિત ઈતિહાસનું વિશ્લેષણ કર્યું હતું જેમાં ગુજરાતની ૨૬ બેઠકના કુલ ૨૬૬ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

ત્રીજા તબક્કાના ઉમેદવારોમાંથી ૬૩૯ ઉમેદવારોનો અભ્યાસ ધોરણ ૫ થી ૧૨ સુધીનો છે. ૫૯૧ ઉમેદવારો ગ્રેજ્યુએટ અથવા તેનાથી વધુ અભ્યાસ કરેલો છે. ૪૪ ઉમેદવારોએ ડિપ્લોમા સુધીનું શિક્ષણ મેળવ્યું છે. જેમાંથી ગુજરાતમાં ૧૫૨ ઉમેદવારમાંથી ૫ થી ૧૨ ધોરણનું શિક્ષણ મેળવ્યું છે. જ્યારે સાત ઉમેદવારો અશિક્ષિત છે. ત્રીજા તબક્કામાં ચૂંટણી લડનારા ઉમેદવારોના ગુનાહિત ઈતિહાસ અંગે નજર કરીએ તો કોંગ્રેસના ૬૮ ઉમેદવાર માંથી ૨૬ ઉમેદવાર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે જ્યારે ભાજપના ૮૨ ઉમેદવારમાંથી ૨૨ ઉમેદવાર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

ગુજરાતની વાત કરીએ તો ભાજપના ૨૬ પૈકી ચાર ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જ્યારે કોંગ્રેસના ૨૩ માંથી ૬ ઉમેદવાર ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. ગુજરાતમાં ઉમેદવારોના ગુનાહિત ઈતિહાસની વાત કરીએ તો ઈન્ડિયા ગઠબંધનનાં ઉમેદવાર ચૈતર વસાવા પર ૧૩ કેસ, અનંત પટેલ પર ૪ કેસ, હીરાભાઈ જોટવા પર ૨ કેસ હિંમતસિંહ પટેલ પર ૨ કેસ, ચંદનજી ઠાકોર વિરુદ્ધ એક કેસ, સુખરામ રાઠવા વિરુદ્ધ એક કેસ અને ગેનીબેન ઠાકોર સામે એક કેસ નોંધાયેલો છે. ભાજપના નેતા અમિત શાહ વિરુદ્ધ ત્રણ કેસ, રાજેશ ચુડાસમા પર એક કેસ, જશુભાઈ રાઠવા વિરુદ્ધ એક કેસ, અને છોટુ વસાવાના પુત્ર દિલીપ વસાવા પર એક કેસ નોંધાયેલો છે.

શિક્ષણ અને ગુનાહિત ઈતિહાસ બાદ સંપતિ અંગે પણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ADR દ્વારા ગુજરાતની ૨૬ બેઠકોમાં લડતા ભાજપ કોંગ્રેસ અને અપક્ષના ઉમેદવાર સંપત્તિનું વિશ્લેષણ કર્યું છે જે જોતા ગુજરાતના કોંગ્રેસના નેતા કરતા ભાજપના નેતાની સંપત્તિ વધુ છે. કોગ્રેસના ૬૮ પૈકી ૬૦ ઉમેદવારો કરોડપતિ છે જ્યારે ભાજપના ૮૨ પૈકી ૭૭ ઉમેદવાર કરોડપતિ છે. દેશના ૧૦ ધનિક ઉમેદવારોમાં ૫ ભાજપના,૨ કોંગ્રેસ, 1 SP,1 NCP અને અપક્ષ ઉમેદવાર છે. દેશમાં સૌથી અમીર ઉમેદવાર ગોવા ભાજપના પલ્લવી ડેમ્પો છે જેની કુલ મિલકત ૧૩૬૧ કરોડ રૂપિયા છે.

ગુજરાત ભાજપના ૨૬ પૈકી ૨૪ ઉમેદવાર કરોડપતિ છે જ્યારે કોંગ્રેસના ૨૩ પૈકી ૨૧ ઉમેદવાર કરોડપતિ છે. ગુજરાતમાં સૌથી વધારે આવક અને મિલકત ધરાવતો ઉમેદવારોમાં ભાજપ ના ૩ ઉમેદવારનો સમાવેશ છે. ભાજપના પૂનમ માંડમ ૧૪૭ કરોડ,અમિત શાહ ૬૫ કરોડ,સી આર પાટીલ ૩૯ કરોડ રૂપિયાની સંપત્તિના માલિક છે. જ્યારે સૌથી ઓછી આવક અને મિલકત ધરાવતા ત્રણ ઉમેદવારમાં બીએસપીના રેખાભાઈ હરસિંગ ચૌધરી, કોંગ્રેસના નિલેશ વસાઈકર અને અન્ય એક અપક્ષ ઉમેદવારનો સમાવેશ થાય છે.

સંપતિ સાથે સાથે ગુજરાતના ચૂંટણી લડતા ઉમેદવારના માથે દેવું કેટલું છે તેની જાણકારી પણ આપવામાં આવી છે. ભાજપના પૂનમ માડમ પર ૫૩ કરોડનું દેવું છે. કોંગ્રેસના ચંદનજી ઠાકોર પર નવ કરોડ અને કોંગ્રેસના જેની ઠુંમરના નામે ત્રણ કરોડ રૂપિયાનું દેવું છે.

# ભારતીય જળસીમામાંથી સતત બીજા દિવસે ૧૭૦ કિલો ડ્રગ્સ ઝડપાયું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

ગુજરાત એટીએસ અને ભારતીય કોસ્ટગાર્ડએ મોટી કાર્યવાહીમાં મોટી સફળતા મેળવી છે. ભારતીય જળસીમામાંથી સતત બીજા દિવસે ૧૭૦ કિલો ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. ૨ ભારતીયોને ડ્રગ્સના જથ્થા સાથે ઝડપ્યા છે. બંને આરોપી પાકીસ્તાન જઈને ડ્રગ્સ લાવતા હોવાનો ખુલાસો થયો છે. પોરબંદર નજીક જળસીમા નજીક આ મોટું ઓપરેશન હાથ ધરાયું છે. પકડાયેલ હશીશ નામના ડ્રગ્સની બજારની અંદાજીત કિંમત ૬૦ કરોડ રુપિયા થાય છે. ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા સળંગ કામગીરીની શ્રેણીમાં, ૨૮મી એપ્રિલે બપોરે દરિયામાં અન્ય એક મોટી એન્ટી-નાર્કો ટ્રાફિકિંગ ઓપરેશન સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યું હતું. સતત ૨ દિવસ સુધી ચાલેલા આ સંયુક્ત ઓપરેશનમાં અરબી સમુદ્રમાં ભારતીય માછીમારી બોટ ૨ ગુનેગારો અને ૧૭૩ કિલો નાર્કોટીક્સ સાથે ઝડપાઈ હતી. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ ભારતીય કોસ્ટ ગાર્ડ અને છ્જી ગુજરાત દ્વારા ડ્રગ્સના જથ્થા



સાથે પાકિસ્તાની ફિશિંગ બોટ ઝડપાઈ હતી. ATS ગુજરાતની વિશ્વસનીય બાતમીના આધારે, ભારતીય કોસ્ટ ગાર્ડે વ્યૂહાત્મક રીતે તેના જહાજો અને વિમાનોને દરિયાના વિશાળ વિસ્તારમાં તૈનાત કર્યા. તે સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું કે શંકાસ્પદ બોટ ભારતીય કોસ્ટ ગાર્ડના સમુદ્ર-હવા સંકલિત સર્વેલન્સમાંથી છટકી ન શકે. શંકાસ્પદ બોટની સ્પષ્ટ ઓળખ થયા બાદ તેને તરત જ અટકાવી દેવામાં આવી હતી. તપાસમાં ટૂંક સમયમાં ગુપ્તચર માહિતીની પુષ્ટિ થઈ હતી અને ૦૨ ગુનેગારો સાથે ફિશિંગ બોટમાંથી આશરે ૧૭૩ કિલો ડ્રગ્સ મળી આવ્યું હતું. દાણચોરીમાં સંડોવણીની પુષ્ટિ થઈ હતી. સંડોવાયેલા ક્રુની વધુ તપાસ ચાલુ છે. આ ઓપરેશન છેલ્લા ત્રણ વર્ષમાં ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા કરાયેલી બારમી ધરપકડ છે અને તે ભારતીય કોસ્ટ ગાર્ડ અને છ્જી ગુજરાતના નાર્કોટીક્સ અને સાયકોટ્રોપિક પદાર્થોની દાણચોરીને યોગ્ય રીતે જવાબ આપવા માટેના પરસ્પર સંકલન અને સંયુક્ત પ્રયાસોની સફળતાનો પુરાવો છે. દક્ષિણ બંગાળ સરહદે લોકસભા ચૂંટણીને કારણે ભારત-બાંગ્લાદેશ સરહદ પર કડકાઈ વધારી છે, જેના કારણે બોર્ડર આઉટપોસ્ટ DMC, ૧૪૯ બટાલિયન, BSFના સતર્ક જવાનોએ આંતરરાષ્ટ્રીય પર માદક દ્રવ્યોની દાણચોરીને નિષ્ફળ બનાવી છે. મુર્શિદાબાદ જિલ્લાની સરહદ અને ૨.૨ કિલો હેરોઈન જ્યારે દાણચોરો ભારતથી બાંગ્લાદેશમાં આ હિરોઈનની દાણચોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

## પોરબંદર નજીક જળસીમા નજીક ઓપરેશન

BSFના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, ૨૮.૦૪.૨૦૨૪ના રોજ લગભગ ૦૫૧૦ કલાકે, 2S શિફ્ટ ડ્યુટી પર, સૈનિકોએ ૦૩ ભારતીય દાણચોરોને પ્લાસ્ટિકની થેલીઓ સાથે સરહદની વાડની નજીક ઘૂસવાનો પ્રયાસ કરતા જોયા હતા. જવાનો તેમની તરફ દોડ્યા અને તેમને રોકવાનો પડકાર ફેંક્યો. દરમિયાન દાણચોરોએ બોરીઓ સરહદની વાડ પાર કરીને બાંગ્લાદેશ તરફ ફેંકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બોરીઓ ભારતીય વિસ્તારમાં પડી હતી. તસ્કરો અંધારા અને ઉંચા મકાઈના પાકનો લાભ લઈને ભારત તરફ નાસી છૂટ્યા હતા. ત્યારબાદ આજુબાજુના વિસ્તારમાં સઘન તલાશી લેતા સ્થળ પરથી પીળા રંગના પ્લાસ્ટિકના દોરડા વડે બાંધેલી સફેદ અને લાલ પ્લાસ્ટિકની થેલી મળી આવી હતી, જેમાં નશો હતો. જપ્ત કરાયેલા પાઉડરનું પરીક્ષણ કરતાં તે હેરોઈન હોવાનું જણાયું હતું. પકડાયેલ હેરોઈનને આગળની કાયદેસરની કાર્યવાહી માટે લાલગોલા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવેલ છે. દક્ષિણ બંગાળ સરહદના જનસંપર્ક અધિકારી શ્રી એ.કે. આર્ય, ડીઆઈજીએ જણાવ્યું હતું કે સીમા સુરક્ષા દળ ભારત-બાંગ્લાદેશ સરહદે દાણચોરીનો સામનો કરવા માટે કડક પગલાં લઈ રહ્યું છે. દાણચોરોને નોંધપાત્ર અવરોધોનો સામનો કરવો પડે છે. જેમાંથી ઘણા પકડાયા છે. નિવેદનમાં કોઈપણ સંજોગોમાં હેરફેરને રોકવા માટે મ્જીહ્લની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરવામાં આવી છે.

**ન્યૂઝ બ્રિફ**

### લંડનના મેયરની ચૂંટણીમાં ભારતીય મૂળના બિઝનેસમેન પણ કૂદયા



। (એજન્સી) લંડન, તા.૨૯ ।

બ્રિટનની રાજધાની લંડનમાં મેયર પદ માટે દિલ્હી મૂળના બિઝનેસ મેન પણ રેસમાં છે. આગામી ૨ મેના રોજ બ્રિટિશ નગરીમાં મતદાન થશે. મેયર પદ માટે દોડમાં સામેલ ભારતીય મૂળના ઉમેદવાર તરૂણ ગુલાટીનું કહેવું છે કે લંડનના નાગરિકોને તમામ પક્ષોએ નિરાશ કર્યા છે. એટલા માટે તે લંડનની જવાબદારી લેવા માંગે છે જેથી શહેરને એક અનુભવી સીઈઓ તરીકે સંભાળી શકે. તમને જણાવી દઈએ કે તરૂણ ગુલાટીનો મુકાબલો લેબર પાર્ટીના નેતા અને પાકિસ્તાની મૂળના સાદિક ખાન સાથે છે. લંડનના હાલના મેયર સાદિક ખાન પહેલાં મુસ્લિમ મેયર જ નહી પરંતુ યૂરોપિયન યૂનિયનની કોઈપણ રાજધાનીના પહેલાં મુસ્લિમ મેયર છે. તેમણે ૨૦૧૬ માં પોતાના પ્રતિદ્વંદ્વી અને કંઝર્વેટિવ પાર્ટીના ઉમેદવાર જૈક ગોલ્ડસ્મિથને હરાવ્યા હતા.

### TMKOCના ગુમ થયેલ સોઢી લગ્ન કરવાના હતા



। (એજન્સી) મુંબઈ, તા.૨૯ ।

ગયા અઠવાડિયે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' સ્ટાર સોઢીના ગુમ થવાનો અહેવાલ સામે આવ્યો હતો. અભિનેતા ગુરુચરણ સિંહ છેલ્લે દિલ્હીમાં જોવા મળ્યા હતા. આ મામલે એક મોટું અપડેટ સામે આવ્યું છે. 'તારક મહેતા...'ની ગુમ થયેલ સોઢી ટૂંક સમયમાં લગ્ન કરવા જઈ રહ્યા હતા. તેઓ આર્થિક તંગીથી પણ ઝઝૂમી રહી હતી. 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના સોઢી ઉર્ફે ગુરુચરણ સિંહ ૨૨ એપ્રિલે ગુમ થયા હતા. ત્યારથી, પરિવારના સભ્યો, કો-સ્ટાર્સ અને ચાહકો તેના માટે ચિંતિત છે. આ મામલે હજુ પોલીસ તપાસ ચાલુ છે. ગુમ થયેલા સોઢીને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. આ મામલે એક આશ્ચર્યજનક અપડેટ સામે આવ્યું છે. એક નવા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે TMKOC સ્ટાર ટૂંક સમયમાં લગ્ન કરવા જઈ રહ્યો છે. રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે અભિનેતા આર્થિક તંગીનો સામનો કરી રહ્યો હતો. આ નવું અપડેટ અભિનેતાના ગાયબ થયાના થોડા દિવસો પછી આવ્યું છે જ્યારે ગુરુચરણને નવી દિલ્હીમાં છેલ્લે જોવામાં આવ્યું હતું. મળતા અહેવાલ અનુસાર, કેસની તપાસમાં જાણવા મળ્યું કે ગુરુચરણ ટૂંક સમયમાં લગ્ન કરવા જઈ રહ્યો હતો અને આર્થિક તંગીનો સામનો કરી રહ્યો હતો. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, 'તે પોતાના ઘરથી દિલ્હી એરપોર્ટ માટે નીકળ્યો હતો, પરંતુ તે એરપોર્ટની નજીક ક્યાંય જોવા મળ્યો ન હતો. એટલું જ નહીં, એ પણ સામે આવ્યું છે.

**લોકસભા ચૂંટણી નજીક આવતા રાજકારણમાં હલચલ**

## ઈન્દોરના કોંગ્રેસ ઉમેદવારે પરત ખેંચ્યું ઉમેદવારીપત્રક

। (એજન્સી) ભોપાલ, તા.૨૯ ।

ગુજરાતની જેમ મધ્યપ્રદેશમાં પણ કોંગ્રેસને વધુ એક ઝટકો લાગ્યો છે. ઈન્દોર લોકસભા સીટ પરથી પાર્ટીના ઉમેદવાર અક્ષય કાંતિ બમે પોતાનું ઉમેદવારીપત્રક પરત ખેંચી લીધું છે. એટલું જ નહીં કોંગ્રેસ છોડીને અક્ષય બમ ભાજપમાં જોડાઈ ગયા છે. બીજેપીના વરિષ્ઠ નેતા અને મધ્યપ્રદેશ સરકારમાં કેબિનેટ મંત્રી કૈલાશ વિજયવર્ગીયએ આ જાણકારી આપી છે. કૈલાશ વિજયવર્ગીયએ અક્ષય બમ સાથે સેલ્ફી શેર કરતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું, ઈન્દોરથી કોંગ્રેસના લોકસભા ઉમેદવાર



અક્ષય કાંતિ બમનું વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા, મુખ્યમંત્રી ડો. મોહન યાદવ અને પ્રદેશ પ્રમુખ વી.ડી.શર્માના નેતૃત્વમાં ભાજપમાં સ્વાગત છે. ઉલ્લેખનીય છે કે ચાર દિવસ પહેલા ૨૫ એપ્રિલના રોજ અક્ષય કાંતિ બમ અને કેટલાક અન્ય લોકો વિરુદ્ધ ૧૭ વર્ષ જૂના હત્યાના પ્રયાસના કેસમાં આગામી સુનાવણી ૧૦ મેના રોજ થશે. આ સાથે અક્ષય કાંતિ બમ અને અન્યોની મુશ્કેલીઓ વધી ગઈ છે. અક્ષય કાંતિ બમે કોંગ્રેસના ઉમેદવાર તરીકે પોતાનું ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લીધું છે. એટલે કે હવે તેઓ લોકસભાની ચૂંટણી નહીં લડે. એક રીતે જોવામાં આવે તો હવે ભાજપના શંકર લાલવાણીને ઈન્દોરમાં કોઈ પણ પ્રકારના પડકારનો સામનો કરવો પડશે નહીં. નોંધનીય છે કે ઈન્દોર લોકસભા સીટ પર ચૂંટણી માટે ૨૫ એપ્રિલ સુધી ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યા હતા. ૨૯મી એપ્રિલે ફોર્મ પરત ખેંચવાનો છેલ્લો દિવસ હતો. કોંગ્રેસને કોઈ સમાચાર મળે તે પહેલા કૈલાશ વિજયવર્ગીયએ આ 'ઓપરેશન' પાર પાડ્યું.

**હેલિકોપ્ટર સેવા માટે બુકિંગ ૨૦ એપ્રિલથી શરૂ થઈ ગયું**

## ૧૦મી મેથી શરૂ થનારી ચાર ધામ યાત્રા માટે બુકિંગ શરૂ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

ચાર ધામ યાત્રા માટે બુકિંગ શરૂ થઈ ગયું છે. ૧૦મી મેથી ચાર ધામ યાત્રા શરૂ થવા જઈ રહી છે.ત્યારે તેના માટે બુકિંગ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. જો કે, આ દરમિયાન સરકારે નોંધણીની મહત્તમ સંખ્યા નક્કી કરી છે. સરકારના જણાવ્યા અનુસાર, ચાર તીર્થસ્થળો પર દરરોજ નિશ્ચિત સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે નોંધણી કરાવી શકશે. સરકાર દ્વારા નિર્ધારિત માપદંડો અનુસાર, યમુનોત્રી-૯ હજાર, ગંગોત્રી- ૧૧ હજાર, કેદારનાથ- ૧૮ હજાર અને બદ્રીનાથ- ૨૦ હજાર શ્રદ્ધાળુઓ દરરોજ નોંધણી કરાવી શકશે. અત્યાર સુધીમાં ૧૬ લાખથી વધુ ભક્તોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે.



હેલિકોપ્ટર સેવાનું બુકિંગ પણ ફુલ થઈ ગયું છે. ઉલ્લેખનીય છે કે ચારધામ યાત્રા માટે રજીસ્ટ્રેશન શરૂ થયા બાદ કેદારનાથ ધામ માટે હેલિકોપ્ટર સેવા માટે બુકિંગ પણ ૨૦ એપ્રિલથી શરૂ થઈ ગયું છે.

જે શ્રદ્ધાળુઓ હેલિકોપ્ટર દ્વારા કેદારનાથ ધામ પહોંચવા ઈચ્છે છે તેઓ ૨૦ એપ્રિલથી હેલિકોપ્ટર બુક કરાવી શકે છે. . તમે આ વેબસાઈટ https://heliyatra.irctc.co.in/ પર જઈને હેલિકોપ્ટર સેવા બુક કરાવી શકો છો. હેલિકોપ્ટરના બુકિંગ માટે ચારધામ યાત્રાનું રજિસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે. આ બુકિંગ ૧૦ મે, ૨૦૨૪ થી ૨૦ જૂન, ૨૦૨૪ સુધીની મુસાફરી માટે કરવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે ચારેય ધામો માટે રજીસ્ટ્રેશન થોડા દિવસો પહેલા શરૂ કરવામાં આવ્યું છે. આ વખતે સરકારે નોંધણી માટે કડકાઈ અપનાવી છે. જો ચારધામ રજીસ્ટ્રેશન નહીં થાય તો તીર્થયાત્રીઓને ચારધામ જવા દેવામાં આવશે નહીં. બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિએ તેની સત્તાવાર વેબસાઈટ https://badrinath-kedarnath.gov.in પર આ વર્ષની યાત્રા દરમિયાન ઓનલાઈન પૂજાનું બુકિંગ પણ શરૂ કર્યું છે.




ખાણ મંત્રાલયના દ્વારા આયોજિત "ક્રિટીકલ મિનરલ્સ સમિટઃ સચિવ શ્રી વી.એલ. કાંથા રાવ એનહાન્સિંગ બેનિફિશિયેશન એન્ડ પ્રોસેસિંગ ક્ષમતાઓ"માં હાજર રહ્યા હતાં.

**સરકારી કર્મચારીઓ માટે દિવાળી જેવો માહોલ થશે**

## ચૂંટણી પછી સરકારી કર્મચારીઓના પગારમાં વધારો થાય તેવી સંભાવના



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

શું તમે એક સરકારી કર્મચારી છો? જો તમે એક સરકારી કર્મચારી હોવ તો આ સમાચાર તમારા માટે ખુબ જ મહત્ત્વના બની જશે. સરકારી કર્મચારીઓ માટે તો આ સમય એક ગોલ્ડન પીરીયડ જેવો છે. કારણકે, સરકારી કર્મચારીઓના પગાર વધારાની થઈ ચુકી છે જાહેરાત. ચૂંટણી પછી સરકારી કર્મચારીઓને મળશે. લોકસભાની ચૂંટણી પછી સરકારી કર્મચારીઓને ગર્વનમેન્ટ તરફથી 'મોટી ગિફ્ટ' મળશે. સંકેત એવા પણ મળી રહ્યાં છેકે, લોકસભાની ચૂંટણી બાદ સરકારી કર્મચારીઓના પગારમાં હજારો રૂપિયાનો વધારો થઈ શકે છે. બંને હાથમાં હશે લાડુ, હજારો રૂપિયા વધશે સેલેરી. આ વર્ષ સરકારી કર્મચારીઓ માટે ખુશીઓથી ભરેલું છે. વર્ષની શરૂઆતથી જ સરકારી કર્મચારીઓના ઘરમાં લક્ષ્મીનું આગમન અવિરત થઈ રહ્યું છે. ચૂંટણી બાદ સરકાર જુલાઈમાં ફરી મોંઘવારી ભથ્થામાં વધારો કરી શકે છે. ઉલ્લેખનીય છેકે, અગાઉ જાન્યુઆરીમાં ડીએમાં ૪ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. જેને કારણે ડીએ ૫૦ ટકા સુધી પહોંચ્યુ હતું. લોકસભાની ચૂંટણી ૪ જૂને સમાપ્ત થશે અને નવી સરકારની રચના સાથે સરકારી કર્મચારીઓ માટે પણ નિર્ણયો લેવામાં આવી શકે છે. ચૂંટણી બાદ સરકાર જુલાઈમાં ફરી મોંઘવારી ભથ્થામાં વધારો કરી શકે છે. અગાઉ જાન્યુઆરીમાં ડીએમાં ૪ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કુલ મોંઘવારી ભથ્થું મૂળ પગારના ૫૦ ટકા થઈ ગયું છે. અનુમાન છે કે ફરી એકવાર તેમાં ૪ ટકાનો વધારો થઈ શકે છે. જો જુલાઈમાં આ અંગે નિર્ણય લેવામાં આવશે તો મોંઘવારી ભથ્થું વધીને ૫૪ ટકા થઈ જશે. આ નિર્ણયથી કર્મચારીઓના પગારમાં પણ હજારો રૂપિયાનો વધારો થશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ચૂંટણી બાદ સરકાર બે મોટા નિર્ણય લઈ શકે છે. આ બે નિર્ણયોથી સરકારી કર્મચારીઓના બંને હાથમાં લાડુ હશે અને તેમના પગારમાં હજારો રૂપિયાનો વધારો થશે. ઈન્ડિયન રેલવે ટેકનિકલ સુપરવાઈઝર્સ એસોસિએશને (IRTSA) કર્મચારી મંત્રાલયને પત્ર લખીને કર્મચારીઓ માટે ૮મા કેન્દ્રીય પગાર પંચની રચના કરવાની માંગ કરી છે. એવું માનવામાં આવે છે કે, સરકાર પાસે સંગઠનની માંગ પર વિચાર કરવા માટે ઘણો સમય છે અને ચૂંટણી પછી નિર્ણય લેવામાં આવી શકે છે. એવું માનવામાં આવે છે કે, જો સરકાર ચૂંટણી પછી સત્તામાં આવશે તો સરકાર ૮મા પગાર પંચ અંગે વિચારણા કરીને તેનો અમલ કરી શકે છે. જો આઠમાં પગાર પંચનો અમલ કરવામાં આવે તો ચૂંટણી બાદ એક સાથે કરોડો સરકારી કર્મચારીઓના પગારમાં હજારો રૂપિયાનો ધરખમ વધારો થઈ જશે.

**૨૯૭૬ અશ્લીલ વીડિયો મળી આવ્યા**

## પ્રજ્વલ રેવન્ના કેસ બન્યો સૌથી મોટું સેક્સ સ્કેન્ડલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

લોકસભા ચૂંટણી સમયે જ કર્ણાટકની રાજનીતિમાં મોટી હલચલ જોવા મળી રહી છે. પૂર્વ પ્રધાનમંત્રી દેવગૌડાના પૌત્રનું નામ વિવાદમાં આવતા ખળભળાટ મચ્યો છે. એચ. ડી. દેવગૌડાના પૌત્ર પ્રજ્વલ રેવન્ના સામે મોટા આરોપ લાગ્યા છે. તેમના કામ કરતી મહિલા કૂક એએચ. ડી. રેવન્નાએ શારીરિક શોષણ કર્યું હોવાનો આરોપ કર્યો છે. સાથે જ સાંસદ પ્રજ્વલ રેવન્ના કૂકની દીકરી સાથે વીડિયો કોલમાં અશોભનીય વાતો કરતા હોવાનો દાવો કરાયો છે. આ ફરિયાદ બાદ કર્ણાટકનું રાજકારણ ગરમાયું છે. મહત્વનું છે કે, પ્રજ્વલ રેવન્ના હાલ હાસનથી જેડીએસના સાંસદ છે. અને આ આ વખતે પણ ફરી ચૂંટણી લડી રહ્યા છે. જો કે, સ્કેન્ડલ ચર્ચામાં આવતા પ્રજ્વલ દેશ છોડીને ભાગ્યા હોવાની ચર્ચા છે. રેવન્ના પર મહિલાઓના શોષણ અને તેની સાથે શારીરિક સંબંધ બાંધી વીડિયો ઉતારવાનો આરોપ છે. હાલ આવી અનેક વીડિયો ક્લિપ બહાર આવી છે. જેને કારણે કર્ણાટકનું રાજકારણ ગરમાયું છે. કર્ણાટકની એસઆઈટી હાલ પ્રજ્વલ રેવન્નાની શોધખોળ કરી રહી છે, એવા અહેવાલો સામે આવ્યા છે કે તમામ સેક્સ સ્કેન્ડલ બહાર આવ્યા બાદ રેવન્ના ચૂંટણીને અધુરી છોડીને જર્મની ભાગી ગયા છે, આશરે એક હજાર જેટલી વીડિયો ક્લિપ બહાર આવી છે. જેમાં રેવન્નાનું નામ ઉછળ્યું



છે. પૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડાના પૌત્ર અને હસનના સાંસદ પ્રજ્વલ રેવન્ના પર એક મહિલાએ જાતીય સતામણીનો ગંભીર આરોપ લગાવ્યો છે. કથિત જાતીય સતામણી સાથે સંબંધિત તેના ઘણા વાંધાજનક વીડિયો વાયરલ થઈ રહ્યા છે. દરમિયાન, ભાજપના એક નેતાએ દાવો કર્યો છે કે તેમણે ડિસેમ્બર ૨૦૨૩માં પાર્ટીના પ્રદેશ અધ્યક્ષને પત્ર લખીને કહ્યું હતું કે તેને સરકારી અધિકારીઓ સહિત મહિલાઓના જાતીય કૃત્યોના લગભગ ૩,૦૦૦ અશ્લીલ વીડિયો સાથેની પેન ડ્રાઈવ મળી છે. જેનો ઉપયોગ પ્રજ્વલ રેવન્ના દ્વારા મહિલાઓને આવી પ્રવૃતિઓમાં સામેલ રાખવા માટે કરવામાં આવતો હતો. ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપની ટિકિટ પર હોલેનરસીપુરાથી ચૂંટણી લડી રહેલા દેવરાજે ગૌડાએ ૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ભાજપના પ્રદેશ અધ્યક્ષ બીવાય વિજયેન્દ્રને પત્ર લખ્યો હતો. જેમાં તેણે લખ્યું હતું કે, પ્રજ્વલ રેવન્ના સહિત એચડી દેવગૌડા પરિવારના ઘણા નેતાઓ પર ગંભીર આરોપો છે.

**શેર બજારમાં ૨.૫૦ લાખ કરોડની કમાણી**

## સેન્સેક્સ ઉછાળા સાથે ૭૪,૬૬૮ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો

**નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૨૩ પોઈન્ટના ઉછાળા સાથે ૨૨,૬૪૩ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો**

। (એજન્સી) મુંબઈ, તા.૨૯ ।

ખાનગી અને જાહેર ક્ષેત્રના બેંકિંગ શેરો સહિત PSU શેર્સમાં જોરદાર ખરીદીને કારણે ભારતીય શેરબજાર સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ સેશનમાં મજબૂત ઉછાળા સાથે બંધ થયું છે. આજના કારોબારના અંતે BSE સેન્સેક્સ ૯૩૮ પોઈન્ટના ઉછાળા સાથે ૭૪,૬૬૮ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૨૩ પોઈન્ટના ઉછાળા સાથે ૨૨,૬૪૩ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. શેરબજારમાં અદભૂત ઉછાળાને કારણે ભારતીય શેરબજારનું માર્કેટ કેપ ફરી એકવાર નવી ઐતિહાસિક ઊંચાઈએ પહોંચ્યું છે. BSE પર લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપ રૂ. ૪૦૬.૫૯ લાખ કરોડના સ્તરે બંધ થયું હતું, જે છેલ્લા ટ્રેડિંગ સેશનમાં રૂ. ૪૦૪.૦૯ લાખ કરોડના સ્તરે બંધ થયું હતું. આજના ટ્રેડિંગમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૨.૫૦ લાખ કરોડનો ઉછાળો આવ્યો છે. આજના કારોબારમાં બેંકિંગ સેક્ટરના શેરોના કારણે બજાર તેજ હતું. નિફ્ટી બેંક ૧૨૨૩ પોઈન્ટના ઉછાળા સાથે ૪૯,૪૨૪ પોઈન્ટની નવી ટોચે બંધ થયો છે. તો નિફ્ટીનો PLU ઈન્ડેક્સ ૧૮૯ પોઈન્ટના ઉછાળા સાથે ૭૫૬૯ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. આ સિવાય ફાર્મા, એફએમસીજી,



મેટલ્સ, એનર્જી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેરો પણ આજના કારોબારમાં તેજી સાથે બંધ થયા છે. પરંતુ ઓટો અને આઈટી શેરમાં ઘટાડો જોવા મળ્યો છે. આજના કારોબારમાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ ખરીદી જોવા મળી હતી. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૬ શેર લીલા નિશાનમાં અને ૪ ઘટીને બંધ રહ્યા હતા. આજના ટ્રેડિંગમાં, ICICI બેંકનો શેર ૪.૬૭ ટકાના ઉછાળા સાથે તેની જીવનકાળની સર્વોચ્ચ સપાટીએ બંધ રહ્યો હતો. જ્યારે SBI ૩.૦૯ ટકા, ઈન્ડસઈન્ડ બેંક ૨.૯૩ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૯૩ ટકા, એક્સિસ બેન્ક ૨.૪૭ ટકા, NTPC ૨.૦૭ ટકાના વધારા સાથે બંધ થયા હતા. જ્યારે ઘટતા શેરોમાં HCL ટેક ૫.૭૯ ટકા, ITC ૦.૪૪ ટકા, વિપ્રો ૦.૩૭ ટકા, બજાજ ફિનસર્વ ૦.૦૧ ટકાના ઘટાડા સાથે બંધ થયા હતા.

## તંત્રી લેખ...

# ભારતીય વિચાર પરંપરામાં વિસ્તારથી પ્રકાશ ફેંકાયો

કોઈ વિચારકે મનુષ્ય અને માનવેતર જીવો વચ્ચે તુલના કરતાં એવું કહ્યું છે કે સામાન્યતઃ મનુષ્ય અને અન્ય જીવો વચ્ચે કોઈ મોટો ફરક એટલા માટે નથી કારણ કે આહાર, નિદ્રા, ભય અને મૈથુન જેવી પ્રવૃત્તિ માનવેતર જીવોમાં હોય છે તે જ રીતે આવી જ પ્રવૃત્તિ મનુષ્યોમાં પણ હોય છે. તેઓ તો ત્યાં સુધી કહે છે કે મનુષ્યની અપેક્ષાઓ પશુ-પક્ષી વગેરે કામાદિ વૃત્તિઓમાં વધારે સંયમિત થાય છે. તેથી મનુષ્ય ત્યાં સુધી શ્રેષ્ઠ છે જ્યાં સુધી તે માનવતાથી મંડિત છે. માનવતા કોને કહે છે, આ વિષયમાં ભારતીય વિચાર પરંપરામાં વિસ્તારથી પ્રકાશ ફેંકવામાં આવ્યો છે જેમાં એવું કહેવામાં આવ્યું છે કે સાચો મનુષ્ય એ જ છે જે તમામ પ્રતિ ભ્રાતૃ-ભાવથી વ્યવહાર કરે છે. તેમાં ના તે વર્ણનો વિચાર કરે છે અને ના તો ધનવાન કે ગરીબનો વિચાર કરે છે. સૌ કોઈ સાથે હંમેશા એવી રીતે હળી-મળીને રહે છે જાણ કે કોઈ પોતાના સગા ભાઈ સાથે રહે છે. તમામને આપત્તિ-વિપત્તિમાં પડખે ઉભો રહે છે અને જરૂર પડ્યે તમામની ભરપૂર મદદ કરે છે. સામાન્યતઃ મનુષ્યની એ પ્રવૃત્તિ જોવા મળે છે કે તે પ્રાયઃ પોતાનામાં જ મસ્ત રહે છે. અન્યોના સુખ-દુઃખ જોવા કે તેમના અંગે વિચાર કરવામાં આવતો નથી અથવા આમ કરવા માટે તેની પાસે સમય નથી હોતો પરંતુ આ તો પશુ-વૃત્તિ છે જે સાચો મનુષ્ય છે જે પોતાની આસપાસ એ જ જૂએ છે કે કોઈ મુશ્કેલીમાં તો નથી ને. કોઈ ભૂખ્યો અને દુઃખી તો નથી ને. જો તેને આવું કંઈક દેખાય છે તો તે કોઈ પણ પ્રકારના વિલંબ કર્યા વિના તત્કાળ જ અભાવગ્રસ્ત વ્યક્તિની પોતાની ક્ષમતા અનુસાર મદદ કરે છે. આ જ માનવતા છે. જો સહજભાવે મનુષ્યમાં કોઈ દ્વારા પોતાના પ્રતિ કરાયેલા દુર્વ્યવહાર પર ક્રોધ આવે છે તેથી તેના મનમાં પણ દુર્વ્યવહાર કરનારાઓનો અપકાર કરવાની ઈચ્છા જાગ્રત થાય છે, પરંતુ મહાન લકોનું એવું કહેવું છે કે આ વૃત્તિ પણ પશુ-વૃત્તિ છે. તેથી જે માનવીય સ્વભાવ ધરાવનાર વ્યક્તિ છે તે ક્યારેય પોતાના પ્રતિ કરાયેલા દુર્વ્યવહારનો ઉત્તર દુર્વ્યવહારથી આપતો નથી. માનવતાનો સ્વભાવ ધરાવનાર વ્યક્તિ પોતાના સદ્ભાવથી જ દુર્વ્યવહારીના મનને જીતે છે અને સદા દુર્વ્યવહાર કરનારાઓ સાથે સદ્વ્યવહાર જ કરે છે. માનવતાનો એક મોટો સ્વભાવ છે કે જીવનમાં સત્યનો આશ્રયને લઈને ચાલવું. આવો વ્યક્તિ ક્યારેય મહાત ખાતો નથી.

# કર્ણ મહાભારતના સૌથી વધુ લોકપ્રિય અને જટિલ પાત્રોમાંનું એક પાત્ર છે

આ લેખમાં તેની કડવાશ અને તેની ઢીલાશ અંગેની વાત કરે છે. ભારતમાં જે લોકો મહાભારતથી પરિચિત છે તેમના માટે એક પૂરેપૂરી સંસ્કૃતિ એવી છે કે જ્યાં કર્ણ એક પ્રકારનો એન્ટી હીરો છે. તે બગડી ગયેલી મીઠી કેરી જેવો છે. તે એક અદભુત વ્યક્તિ હતો જે સંપૂર્ણપણે ખરાબ થઈ ગયો કારણ કે તેણે કડવાશમાં રોકાણ કર્યુ . તેની કડવાશ તેને વિનાશકારી જીવન વાર્તામાં લઈ ગઈ. તે નિષ્ઠા અને ઉદારતાની અભૂતપૂર્વ ભાવના વાળો વ્યક્તિ હતો. પણ આ બધું જ ખોવાઈ ગયું હતું. યુદ્ધમાં તેનું મૃત્યુ ખરાબ રીતે થયું. તે આક્રોશ વાળો હતો કારણકે તેને ખબર ન હતી તે કોનો સંતાન હતો. પણ જે લોકોએ તેને ઉછેર્યો હતો તેમણે ખૂબ જ પ્રેમથી ઉછેર્યો હતો. તેના પાલક માતા-પિતા રાધા અને અથીરથ તેને ખૂબ ચાહતા હતા અને તેઓની આવડતને પૂરેપૂરી લગાવી શ્રેષ્ઠ રીતે તેને ઉછેર્યો. તેને હંમેશા યાદ હતું કે તેની માતાએ કેટલો પ્રેમ તેને કર્યો હતો. તે કહે છે , “ આ એક જ વ્યક્તિ છે જેણે મને પ્રેમ કર્યો હતો”. તેની ક્ષમતા અને નસીબની બલિહારી ને કારણે તે અંગ દેશનો રાજા બન્યો. તેને ઘણી બધી વસ્તુઓ મળી સાથે તેને રાજમહેલમાં એક મોભો અને સ્થાન આપવામાં આવ્યું. ઘણી બધી રીતે તે રાજાનો માનીતો પણ હતો. દુર્યોધન તેને ચાહતો અને તેની પાસેથી સલાહ પણ મેળવતો. જીવન જે કઈ પણ આપી શકે તે બધું જ તેની પાસે હતું. જો તમે તેના જીવન તરફ જુઓ તો હકીકત એ છે કે કે તે રથ ચાલકનો પુત્ર હતો અને તે એક રાજા બન્યો. એણે ખુશ થવું જોઈતું હતું કે એક બાળક જે પાણી પર તરતો મળ્યો અને મોટો થઈને એક રાજા બન્યો. શું આ અદભુત વાત નથી? પણ ના, તેણે પોતાનો આક્રોશ છોડ્યો નહીં. તે હંમેશાં દુઃખી અને નિરાશ જ રહ્યો કારણ કે તેને જે રીતે બોલાવવામાં આવતો તે તેનાથી તે સહન થતું ન હતું. તે જ્યાં પણ ગયો ત્યાં લોકો તેને તેની મહત્વકાંક્ષા ને લીધે સુત અથવા તો અકુલીન તરીકે સંબોધન કરતા. પોતાના સમગ્ર જીવન દરમિયાન તેણે આ વિશે ફરિયાદો કરી. તે સતત પોતાની અંદર કથિત હલકાકુળ વિશે ની કડવાશને પોષણ આપતો રહ્યો. આ કડવાશે મહાભારતમાં એક અદભુત વ્યક્તિને અરુચિકર અને ખરાબ પાત્રમાં ફેરવી દીધો હતો. એક મહાન વ્યક્તિ હતો અને જુદી જુદી પરિસ્થિતિઓમાં તેની મહાનતા બતાવી હતી. પણ આ કડવાશને કારણે તેણે ઘણી રીતે બધી બાબતો ને ખોટી ઠરાવી દીધી. દુર્યોધન માટે શકુનીએ શું કર્યું કે શું કહ્યું એ મહત્વનું ન હતું પણ કર્ણની સલાહે બધું જ કામ પાર પાડી દીધુ. બધું જ નક્કી થઈ ગયા બાદ તે કર્ણ તરફ જોતો અને પૂછતો “હવે આપણે શું કરીશું”? અને કર્ણ ખૂબ જ સહેલાઈથી આખી બાબતની દિશા ફેરવી નાખી શકે તેમ હતો. તેનુ જીવન કરુણા અને બલિદાનના વિવિધ તબક્કાઓમાંથી વારાફરતી પસાર થયું. તેણે બલિદાનની ભાવનાને સતત પ્રદર્શિત કરી પણ તેમાંથી કશું જ સારું બહાર આવ્યું નહીં કારણકે એક બાબતથી તેનો નાશ થયો જે તેના માટે ખૂબ મહત્વની હતી. તે જે ન હતો તે બનવાની ઈચ્છા રાખતો હતો. કદાચ વાસ્તવમાં તે ખરેખર એવો હોઈ શકે પણ જ્યાં સુધી સમાજને લાગતું-વળગતું હતું ત્યાં સુધી તે જે તે ન હતો તે બનવા માગતો હતો. આ જીજીવીષાને કારણે તે સતત ભૂલ કરતો રહ્યો. એક બુદ્ધિશાળી વ્યક્તિ હતો. દુર્યોધન જે કંઈ કરી રહ્યો હતો તે ખોટું હતું એ જોવાની તેનામાં ક્ષમતા હતી. પણ તે માત્ર નિષ્ક્રિય ભાગીદાર ન હતો પણ એક સક્રિય ભાગીદાર પણ હતો કે જેણે ઘણી વખત દુર્યોધનને ટોક્યો હતો. જો કર્ણએ તેની વફાદારી અને કૃતજ્ઞતા ને બદલે તેના ડહાપણનો ઉપયોગ કર્યો હોત તો દુર્યોધનનો જીવ બચી શક્યો હોત. એ પોતાના ડહાપણનો ઉપયોગ કરવામાં નિષ્ફળ ગયો અને સતત એક પછી એક ભૂલ કરતો રહ્યો. કોણ સારું છે કે ખરાબ એ વિશે ચુકાદો ના આપવો એ અસ્તિત્વ છે. એ માત્ર એક સામાજિક પરિસ્થિતિ છે કે જે લોકોને સારા કે ખરાબ તરીકે નક્કી કરે છે. એ ફક્ત કોઈ વ્યક્તિ જ છે, જે તમને સારા કે ખરાબ નક્કી કરે છે..અસ્તિત્વ ક્યારેય નક્કી કરતું નથી કારણ કે એવું ક્યાંય લખ્યું નથી કે એક બાબત સારી છે તો બીજી બાબત ખરાબ છે.

### ભારત દેશ વિકસિત દેશ તરીકે અત્યારે વિશ્વમાં સારું એવું નામ કમાઈ રહ્યો છે, અને એની ખુશી દરેક ભારતીયને છે

# જાગો જાગો લોકશાહીનું પર્વ આવી રહ્યું છે! જાગો અને મતદાન કરી ભારત નવ નિર્માણનો હિસ્સો બનો



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**રાજ્યસભાની ચૂંટણી હોય કે લોકસભાની ચૂંટણી હોય, એની છેલ્લી થોડી જ ચૂંટણીઓનું વિશ્લેષણ કરીએ તો, મતદાનની ટકાવારી દર વર્ષે ઓછી થતી જાય છે, લોકોમાં શિક્ષણનો વ્યાપ વધ્યો હોવા છતાં આ એક ચિંતનીય બાબત છે!**

આપનાં શ્રીચરણોમાં આમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ધ્યાનની ધરા પર આજે બ્રહ્માજીને જોયા, જીવ એકદમ ખુશ થઈ ગયો. પરંતુ ચિંતનનો જીવ હોવાથી વિચાર્યું કે બ્રહ્માજી શુ કામ દેખાયા!; અને જીવને શેખચલ્લી વેડા સુઝ્યા ! વિચાર્યું કે આ જનજાગરણની પ્રવૃત્તિ એ ખૂબ વેગ પકડ્યો છે, અને વળી પાછા બે ચાર છાપા વધવાની સંભાવના છે, એટલે બ્રહ્માજી ખુદના એટલે કે આ જીવનાં સર્જન માટે ખુશ થયાં હોય શકે! પણ તરત જ જાગૃતિને કારણે મન માંકડું બને એ પહેલા એના પગ પકડી લીધાં અને વિચાર્યું કે ના.. ના..ના.. આવું કોઈ કારણ ન હોય, કંઈક જુદુ હશે! ભારતીય સનાતન ધર્મ મુજબ બ્રહ્માજી એ સમગ્ર સૃષ્ટિના સર્જનહાર છે, અને કંઈક નવું સર્જન કરવાના છે, કરી રહ્યા છે, કે કરશે, એ વિશે નિર્દેશ કરી રહ્યા હોય એવું પણ બની શકે! પરંતુ આ અર્થ પણ હજી કાલ્પનિક વધુ હતો, એટલે ચિંતનમાં એને એ રીતે મૂકી શકાય નહીં. પણ હજી વધુ ચિંતન કરતા સ્પષ્ટપણે એવું લાગ્યું કે, બ્રહ્માજી કહી રહ્યા હતાં, કે ભારત નવનિર્માણનો સમય ચાલી રહ્યો છે, અને આપણા સૌમાં એ જ બ્રહ્મ તત્વ છે, તો આપણે સૌ સહયોગી બની અને ભારતનું નવનિર્માણ કરીએ, અને આ એક જ અર્થ સૌથી વધુ યથાર્થ છે. ભારત દેશ વિકસિત દેશ તરીકે અત્યારે વિશ્વમાં સારું એવું નામ કમાઈ રહ્યો છે, અને એની ખુશી દરેક ભારતીયને છે. પરંતુ અત્યારે જ આ બ્રહ્મા દર્શન કંઈક વધુ ચિંતન કરાવી ગયું, અને એ છે કે ભારતનો દરેકે દરેક નાગરિક પોતાના હક અને અધિકાર માટે જાગૃત થઈ અને ભારત નવ નિર્માણનો હિસ્સો બને. જેમકે આઝાદી પહેલાના સમયમાં દરેક ભારતીયનો નારો હતો કે સ્વતંત્રતા અમારો જન્મસિદ્ધ અધિકાર છે! અને આપણે સૌ જાણીએ છીએ કે આપણે અંગ્રેજોની ગુલામી માંથી મુક્ત થયા! સો ટકા જનજાગરણ કરાવનાર એ તમામ રાષ્ટ્રીય નેતાઓને શતકોટી વંદન, પરંતુ એ આઝાદીની ચળવળમાં દરેક ભારતીય નાગરિકનો ફાળો આપણે ભૂલી શકીએ નહીં! બસ એ જ રીતે સાંપ્રત સમયના સમાજમાં જો કોઈ બદલાવ ઈચ્છતા હોઈએ તો ભારતનાં દરેકે દરેક નાગરિકે જાગવું પડશે, અને પોતાનાં મતાધિકારનું મૂલ્ય સમજવું પડશે. આવનારી લોકસભાની ચૂંટણીમાં મતદાન કરવા અવશ્ય જવું પડશે. જે થતું હોય એ થવા દ્યો! એવી નિરસતા કે પછી લાંબુ વિચાર્યા વગર અત્યારે મળતો લાભ લેવા આપણો મત વેચી દેવો નહિ! હું સૌથી પહેલા એક ભારતીય નાગરિક છું, અને મારા દેશની હિફાજત કરવી એ મારી જવાબદારી છે! માટે ગમે તેને મત આપી શકું નહીં! કે પછી મારા મતાધિકારનો ઉપયોગ કર્યા વગર એને જતો ન કરી શકું! આ રીતે દરેક ભારતીય એ જાગવું પડશે. રાજ્યસભાની ચૂંટણી હોય કે લોકસભાની ચૂંટણી હોય, એની છેલ્લી થોડી જ ચૂંટણીઓનું વિશ્લેષણ કરીએ તો, મતદાનની ટકાવારી દર વર્ષે ઓછી થતી જાય છે. લોકોમાં શિક્ષણનો વ્યાપ વધ્યો હોવા છતાં આ એક ચિંતનીય બાબત છે!: પણ એનું કારણ છે કે લોકોમાં લોકશાહીમાંથી વિશ્વાસ ઉઠતો જાય છે! કારણ કે લોકો એ સ્વીકારી લીધું છે કે, સરકાર ગમે તે આવે! આમાં કોઈ ફેર પડવાનો નથી! શિક્ષણથી માંડીને દરેક ક્ષેત્રમાં વ્યાપારીકરણ થઈ ગયું હોવાથી, દરેક રીતે મોંઘવારી એટલી જ રહેવાની છે! કદાચ આનાથી પણ વધી શકે!આ ઉપરાંત સમાજમાં ક્રાઈમ દિવસે ને દિવસે વધવાનાં જ છે! એટલે અશાંતિ પણ વધશે! રોજગાર ઘટવાનો છે! એટલે ભ્રષ્ટાચાર પણ ભરી ભરીને વધશે! નિતી અને પ્રમાણિકતા કે ઈમાનદારી એ બધું ડીક્ષનરી વર્ડ બની જશે! આમ પક્ષા પક્ષીની આ રમત કે નેતાઓનાં જુદા જુદા કોભાંડોને કારણે સમાજનો લોકશાહી પરથી ભરોસો ઉઠતો જાય છે. પણ ભારતનો નાગરિક આ રીતે નીરસ કે બે ધ્યાન રહેશે તો નુકસાન તો એનું પોતાનું જ થવાનું છે, એ વિશે એણે વિચારવું જોઈએ! આપણે હાથે કરીને આંખ આડા કાન કરી ગમે તે નેતાને કે ગમે તેને ચૂંટી શકીએ નહીં. આપણી પર પણ સમાજમાં શાંતિ રહે એનું દાયિત્વ છે, આપણે પણ બંધારણને અનુસરવાની શપથ લીધી છે. સમાજનું દાયિત્વ જેને ખભે મૂકવાનું હોય તેનો ચુનાવ આપણે આ રીતે નિરસ રહીને કે વગર વિચારે કરી શકીએ નહીં. માટે જાગો જાગો મતદાતા તમારા એક મતની કિંમત બહુ છે! પણ એ યોગ્ય મત ભારતનું નવ નિર્માણ કરનાર હોવો જોઈએ! એ પણ યાદ રાખવાનું છે. લોકશાહી પરથી લોકોનો વિશ્વાસ ઉઠી જવાનું એક કારણ એ પણ છે કે, આપણે નાનામાં નાની નોકરી માટે લાયકાત માંગીએ છીએ! પણ આ રાજકારણ એક એવું ક્ષેત્ર છે, એમાં લાયકાતની કોઈ જરૂર જ નથી! એટલે કે દાવેદારનું શિક્ષણ કેટલું છે, એ મહત્વનું નથી. એનો અતિત કોઈ વાતે ખરડાયેલો છે, તો એ પણ માન્ય છે!; એ અવનવા ક્રાઈમ કરી ચૂક્યો છે, તો પણ વાંધો નહીં! એ કેવાં ખાનદાન માંથી આવે છે, એટલે કે દેશદ્રોહી છે કે નહીં? એ કંઈ જ જોવાનું નહીં! આ ઉપરાંત ચુનાવ સમયે થતા પ્રવચનોમાં પણ એકબીજા પર થતા આક્ષેપો, અને એ માટે ઉચ્ચારિત ભાષણોની બોલી, કેવી હોવી જોઈએ એના પણ માપદંડ નથી હોતાં. તો જ્યારે આપણે સમયને બદલવાની માંગ કરતા હોઈએ, ત્યારે આટલા વર્ષો પહેલાંના બંધારણમાં પણ સુધારા થવા જોઈએ, અને લોક સેવકની પણ લાયકાત નક્કી કરવાની જોગવાઈ હોવી જોઈએ! કે જેનાથી સમાજને એ દાવેદાર પર ભરોસો થાય. તો અન્ય કોઈ જ એજન્ડા નહીં, દાવેદાર સરકાર આ રીતના ફેરફાર પર વિચાર કરશે એવો એણે જનતાને વિશ્વાસ અપાવવો પડશે! કોમીવાદ કે પછી અન્ય કોઈ વાત પર વોટબેંક લૂંટવાની રીત હવે બંધ થવી જોઈએ. જનતા એ જાગૃત બની બંધારણમાં ફેરફાર કરી શકે અને એની કલમોના સાચા અર્થ કરી એમાં થયેલા ચેડાંઓ સુધારી શકે, અથવા સાંપ્રત સમય મુજબ બદલાવ લાવી શકે એને મત આપવો જોઈએ. ભારતીય સંસ્કૃતિ કુટુંબ પ્રથા પર આધારિત છે! અને આપણે સૌ આપણા કુટુંબ પર કોઈ આપત્તિ આવી હોય, વિપદા આવી હોય, કે કોઈ અન્ય સમસ્યા આવી હોય, તો જેમ મારું તારું બધું ભૂલીને એક થઈ જઈએ છીએ! બસ એ જ રીતે અત્યારે આપણા દેશનું ભવિષ્ય સુધારવા કે બનાવવા માટે એક મત થવું બહુ જરૂરી છે, અને આ લોકસભાની ચૂંટણી વખતે આવું વિચારીને દરેક ભારતીય નાગરિક મતદાન કરે! દરેક ભારતીય ભારત નવ નિર્માણનો હિસ્સો બને, અને સમાજના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ બની મતદાન કરે, અને તો જ આપણી કે લોકશાહીની જીત થશે, અને આપણે આપણા જ દેશમાં સુરક્ષિત અને શાંતિને લાવી શકીશું. તો ચાલો આજે એક શપથ ગ્રહણ કરીએ કે, હું એક ભારતીય છું, અને ભારતના આ લોકશાહીનાં પર્વનું મુલ્ય હું જાણું છું, માટે મારાં મતદાન ને એળે નહીં જવા દઉં! હું મારા દેશને યોગ્ય હાથોને સોંપીશ કે, જેને કારણે મારો દેશ ઉતરોતર પ્રગતિ કરે, અને મને તેનો સદા ગર્વ રહે ! સરહદો પર લડવા નથી જઈ શકતો તો શું! હું આ રીતે મારાં દેશની હિફાજત કરી શકું, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

### પવિત્રતા રાખવી એ સર્વનો ધર્મ છે, લોકો આજકાલ શરીરને બહુ શુદ્ધ રાખે છે પણ મનને કોઈ શુદ્ધ રાખતા નથી

# ધર્મનાં ત્રીસ લક્ષણો ગણાવ્યા છે, તેમાં પહેલું લક્ષણ સત્ય અને છેલ્લું લક્ષણ આત્મ સમર્પણ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ધર્મરાજા દ્રોણાચાર્ય સાંભળે તેમ બોલે છે, અશ્વત્થમા હણાયો અને પછી ધીમેથી બોલે છે, નરો વા કુંજરો વા, એટલે કે કાં નર કાં કુંજર! દયા એ ધર્મનું બીજું લક્ષણ છે. તુલસીદાસે કહ્યું છે કે, ઘટમાં પ્રાણ છે ત્યાં લગી દયા કર્યા કરવી, પણ દયા વિવેકથી કરો.**

ધર્મએ જીવન જીવવાની કળા છે એટલે જ કહયું છે કે મનુષ્યનો સાચો મિત્ર ધર્મ છે. કોઈ પણ સાથ ન આપે ત્યારે ધર્મ સાથ આપે છે. કદાચ પૈસાનો નાશ થતો હોય તો થવા દેજો, પણ ધર્મ ન જાય તે જોજો. નહીં તો ધર્મ ને પૈસો બેય જશે. મનુષ્ય માને છે, સર્વ સુખનું સાધન ધન છે, પણ આ અજ્ઞાન છે. સર્વ સુખનું સાધન ધન નથી પણ આ ધર્મ છે. માનવસૃષ્ટિનું સંચાલન કરવા ભગવાને જે કાયદા બનાવ્યા તે જ ધર્મ છે. આજના બનાવેલા કાયદામાં ફેરફાર કરવા પડે છે, કારણ કે જેવા કાયદાના બનાવનારા તેવા જ કાયદા.એમાં એકે સ્થિતિ નહીં. હવે નારદજી ધર્મ સમજાવતાં સાધારણ ધર્મ અને વિશિષ્ટ ધર્મની વાત કહે છે. સાધારણ ધર્મ એટલે સર્વનો ધર્મ, સર્વેએ પાળવાનો ધર્મ, મનુષ્ય માત્રનો ધર્મ. નારદજી ધર્મનાં ત્રીસ લક્ષણો ગણાવે છે, તેમાં પહેલું લક્ષણ સત્ય અને છેલ્લું લક્ષણ આત્મ સમર્પણ. સત્ય એ ઈશ્વરનું સ્વરૂપ છે. સત્ય એ સાધન છે. સત્ય દ્વારા સત્યનારાયણમાં લીન થવાનું છે.સત્યમાં દઢ શ્રદ્ધા રાખો. મહાભારતમાં સત્યની વ્યાખ્યા એવી કરેલી છે કે, સર્વનું કલ્યાણ થાય એવું વિવેકથી બોલવું એ સત્ય છે. શ્રીકૃષ્ણ અસત્ય બોલે તે સત્ય છે. દ્રોણાચાર્યના મૃત્યુ પ્રસંગે શ્રીકૃષ્ણ અસત્ય બોલ્યા છે. અશ્વત્થામા નામનો હાથી મર્યો તે વખતે યુક્તિ થી કહે છે કે, અશ્વત્થામા માર્યો છે. દ્રોણાચણ ધર્મરાજાને પૂછે છે. શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને કહે છે કે, અશ્વત્થામા હણાયો એમ કહો. સર્વના કલ્યાણની દ્રષ્ટિએ વિવેક થી બોલવું તે સત્ય.એ વ્યાખ્યા પ્રમાણે શ્રીકૃષ્ણ આ કહે છે. પાંડવો જીતે એટલે પાંડવોનું કલ્યાણ. દુર્યોધન મરે એટલે એનું યે કલ્યાણ, પણ એમાં દ્રોણનું કલ્યાણ કેવી રીતે! સર્વના કલ્યાણ માં દ્રોણનું પણ કલ્યાણ જોઈએ ને? દ્રોણાચાર્ય વેદસંપન્ન બ્રાહ્મણ છે. બ્રાહ્મણને યુદ્ધ કરવા અધિકાર નથી. કદાચ યુદ્ધ કરે તો ધર્મનું રક્ષણ કરવા માટે જ કરે, પણ દ્રોણાચાર્ય બ્રાહ્મણ હોવા છતાં અધર્મનું યુદ્ધ કરે છે.તેથી દ્રોણા ચાર્યને પાપ કરતા અટકાવવા અને એ રીતે દ્રોણાચાર્યનું પણ કલ્યાણ કરવા શ્રીકૃષ્ણે આપ્રમાણે આજ્ઞા કરી છે. ધર્મરાજા દ્રોણાચાર્ય સાંભળે તેમ બોલે છે, અશ્વત્થમા હણાયો અને પછી ધીમેથી બોલે છે,નરો વા કુંજરો વા,એટલે કે કાં નર કાં કુંજર ! દયા એ ધર્મનું બીજું લક્ષણ છે. તુલસીદાસે કહ્યું છે કે, ઘટમાં પ્રાણ છે ત્યાં લગી દયા કર્યા કરવી, પણ દયા વિવેકથી કરો. ત્રીજું લક્ષણ પવિત્રતા. પવિત્રતા રાખવી એ સર્વનો ધર્મ છે. લોકો આજકાલ શરીરને બહુ શુદ્ધ રાખે છે પણ મનને કોઈ શુદ્ધ રાખતા નથી. મનશુદ્ધિ-ચિત્તશુદ્ધિ જરૂરની છે. શરીર કરતાં મનથી પાપ વધારે થાય છે. તન-મન શુદ્ધ રાખો. પછી આવે તપશ્ચર્યા. વાણી, વર્તન અને વિચારને શુદ્ધ રાખો. તપશ્ચર્યા છે પછી તિતિક્ષા. તિતિક્ષા રાખવી એ સર્વનો ધર્મ છે. ભગવદ્ કૃપાથી જે સુખ દુઃખ આવે તે સહન કરજો. શત્રુ પ્રત્યે પણ સદ્ભાવ રાખજો. કોઈ પણ દુઃખમાં ધીરજ ખોઈ ન બેસવી. એક મહાત્મા પ્રભુના નામનો જપ કરતા જતા હતા. રસ્તામાં ધોબીએ કપડાં ધોઈને સૂકવેલાં. ભૂલથી તે કપડાં ઉપર એમનો પગ પડયો. ગુસ્સે થઈ ધોબી લાકડીથી મહાત્માને માર મારવા લાગ્યો. ભગવાને વિચાર્યું કે, સાધું મારું નામ લે છે અને હું તેનું રક્ષણ નહીં કરું તો મારી આબરૂ જશે એટલે ભગવાન તેમની મદદે ધાયા. એટલામાં મહાત્માએ સહનશીલતા ગુમાવી. મહાત્માને થયું કે, હું પણ તગડો છું. ધોબીને પહોંચી વળીશ. ધોબીને મારવા મહાત્માએ લાકડી ઉગામી. એ જોઈ પ્રભુ ત્યાંથીપાછા ફરી ગયા. ત્યારે લક્ષ્મીજી પૂછે છે, તમે પાછાં કેમ આવ્યા? પ્રભુએ જવાબ આપ્યો, બે ધોબીઓ લડે છે તો લડવા દો! મારી હવે શું જરૂર છે? જીવ દીન થઈ ઈશ્વરના ચરણમાં રહે તો અપમાનની અસર તેના ઉપર નહીં થાય.તેનામાં અભિમાન હશે તો અસર થશે.આ સહન શક્તિનું નામ તિતિક્ષા છે. ધર્મનું છઠ્ઠું લક્ષણ અહિંસા છે. તન, મન અને વાણીથી કોઈને દુભાવવું નહીં તે અહિંસા છે. જેના જેના સંગથી સ્વભાવ બદલાય એ સંત છે. ઋષિમુનિઓના આશ્રમમાં પશુઓ હિંસક સ્વભાવ છોડી શાંતિથી બેસતાં,એ માત્ર ભૂતકાળ ની વાત નથી, આજે પણ એ બને છે. સાતમું લક્ષણ છે બ્રહ્મચર્ય.શરીરથી ઘણા બ્રહ્મચર્ય પાળેછે,પરંતુ આંખથી અને મનથી બ્રહ્મચર્ય પાળનારાં ઓછાં છે. મનને સ્થિર કરવાનું સાધન છે બ્રહ્મચર્ય. તનમનની સર્વથા શુદ્ધિ તે બ્રહ્મચર્ય. ત્યાગ : ત્યાગ કરવો એ મનુષ્ય માત્રનો ધર્મ છે. બાંધવું ને ભેગું કરવું એ ધર્મ નથી. સ્વાધ્યાય : સદ્ગ્રંથનું ચિંતન-મનન એ સ્વાધ્યાય છે. આર્જવ :સ્વભાવને સરળ રાખવો, સ્વભાવમાં કુટિલતા કે આંટીઘૂંટી ન રાખવી, મનમાં હોય તે જ પ્રગટ કરવું. સંતોષઃ ઈશ્વરે જે આપ્યું છે તેમાં સંતોષ માને તે શ્રીમંત. પ્રભુએ જે આપ્યું છે તેને જે ઓછું માને તે દરિદ્ર. એક ભિખારીને રત્નની વીંટી મળી. તેણે વિચાર્યુંકે,મારા કરતાં જેવધારે ભિખારી દુઃખી હોય તેને આ વીંટી આપું. રસ્તે જતાં તેણે જોયું તો એક શેઠને પાંચ બંગલા છે અને છઠ્ઠો બંગલો બંધાવે છે. આ શેઠ તે વખતે મજૂરી બાબતે ઝઘડો કરતા હતા.ભિખારીએ શેઠને વીંટીઆપી શેઠ કહે,મારી પાસે ઘણું છે. હું ભિખારી નથી. મને શા માટે વીંટી આપે છે? ભિખારી કહે, તમારી પાસે ઘણું હોય તો નીત નવી મિલકતનો લોભ કેમ કરો છો? તમને સંતોષ નથી એટલે નિખારી હું નહીં, તમે છો. સમદ્રષ્ટિ :સર્વમાં સમદ્રષ્ટિ રાખવી. ક્રિયામાં વિષમતા હોય,ભાવમાં વિષમતા કદી કરવી નહીં. મૌનઃ વ્યર્થ કાંઈ ન બોલવું એ મૌન છે. મનથી ન બોલે એ મૌન. મૌનથી મનને શાંતિ મળે છે ને પાપનો નાશ થાય છે. આત્મચિંતનઃહું કોણ છું તેનો રોજ વિચાર કરવો. હું શરીર નથી, હું પરમાત્માનો અંશ છું.જન્મ પહેલાં કોઈ સગાં ન હતાં અને મર્યા પછી કોઈ સગાં મરતા પહેલાં એક શેઠે પોતાની વશિયતમાં લખી રાખેલું કે, ગંગા-જમુનાની મધ્યમાં લાખ રૂપિયા છે. છોકરા વિચારવા લાગ્યા, ગંગા ને જમુના બે મોટી નદીઓ, તેની વચમાં આ જગ્યા કયાં શોધવી? ત્યારે જૂના મુનિમે કહ્યું,તમારા ઘરમાં ગંગા અને યમુના નામની બે ગાયો છે તે જે જગ્યાએ બાંધવામાં આવે છે તેની વચ્ચે આ રૂપિયા છે.આ દ્દષ્ટાંતનો આધ્યાત્મિક અર્થ એવો થાય છે કે, ગંગા અને જમુનાએ ઈંગલા-પિંગલા બે નાડીઓ છે,તેની મધ્યમાં સુષુમ્ણા નાડી છે.કોઈ ગુરુ આ સુષુમ્ણા નાડીને જાગ્રત કરી આપે ત્યાં સુધી બ્રહ્મ નાં દર્શન થતાં નથી પેલા શેઠના છોકરાને ગંગા અને જમના ની ખબર નથી, એના જ ઘરમાં છે છતાં. તેમ આપણને આપણી અંદર જે ગંગા-જમુના છે તેની ખબર નથી. પછી દ્રવ્યરૂપી પ્રભુ જડે ક્યાંથી? ગુરુ બતાવે તો જ જડે. વાચક ચાહક મિત્રો, ભગવદ્ ગીતા જ્ઞાન કાળઝાળ ગરમીમાં શાંત મન ચિતે મેળવી રહયા છીએ ચૈત્ર માસ અવતારી પુરુષ માસ પણ છે સાથોસાથ આરોગ્યની કાળજી લીમડાના ફુલ(મોર)નું જ્યુસ બનાવી ત્રણ દિવસ કે એક સપ્તાહ પીવાથી અને આ માસમાં મીઠાનો ઉપયોગ ઓછો કરવામાં આવે તો આખું વર્ષ નિરોગી કાયા રહે છે.આજે હનુમાનજીની આરાધના ઉપાસનાનો મંગળવાર હજુ લીમડાના ફુલ(મોર)નું જ્યુસના પીધો હોય તો જરુર શરીરને અનુકૂળ આવે તો પીશો.. મોજમાં ખુશ રહો તેવી શુભેચ્છા સાથે અસ્તુ.

# અક્ષય કુમાર અને પ્રિયદર્શન ૧૭ વર્ષ બાદ સાથે કામ કરશે

સફળ ડાયરેક્ટર પ્રિયદર્શન આગામી ફિલ્મ લાવવાની તૈયારી કરી રહ્યા છે. આગામી ફિલ્મ માટે તેઓ ૧૪ વર્ષ બાદ પોતાના માનીતા એક્ટર અક્ષય કુમાર સાથે કામ કરવાના છે. પ્રિયદર્શન અને અક્ષયકુમારની જોડીએ અગાઉ યાદગાર ફિલ્મો આપી છે. ૨૦૦૦ના વર્ષમાં 'હેરાફેરી' અને ૨૦૦૭માં 'ભૂલભુલૈયા'માં ડાયરેક્ટર-એક્ટરની જોડીએ જમાવટ કરી હતી. તેથી તેમના આગામી પ્રોજેક્ટ અંગે આતુરતા છવાયેલી છે. પ્રિયદર્શને જણાવ્યું હતું કે, રામ મંદિરના ઈતિહાસ આધારિત ડોક્યુ સિરીઝનું કામ પૂરું કર્યું છે. હવે મારી સૌથી વધુ મહત્ત્વની ફિલ્મની શરૂઆત અક્ષય કુમાર સાથે કરવાનો છું, જેને એકતા કપૂર પ્રોડ્યુસ કરશે. આ ફિલ્મ કોમેડી સાથેની હોરર ફેન્ટસી છે. પ્રિયદર્શને હોરર અને કોમેડીનું કોમ્બિનેશ કરીને 'ભૂલભુલૈયા' બનાવી હતી, જેની સીક્વલમાં ત્રીજી ફિલ્મ બની રહી છે. આગામી ફિલ્મ પણ 'ભૂલભુલૈયા' જેવી હોવાની શક્યતા અંગે વાત કરતાં પ્રિયદર્શને જણાવ્યુ હતું કે, 'ભૂલભુલૈયા' સાયકોલોજિકલ થ્રિલર હતી, જ્યારે આગામી ફિલ્મ ફેન્ટસી છે. કાળા જાદુ અને ભારતની અંધશ્રદ્ધાઓને રજૂ કરવામાં આવશે. અક્ષય કુમાર સાથેની પહેલી ફિલ્મથી માંડીને દરેક પ્રોજેક્ટ સારા રહ્યા છે. અક્ષય દરેક ફિલ્મમાં લાગણીથી કામ કરે છે. અક્ષય સાથે ફરી કામ કરવા માટે સારી સ્ટોરીની રાહ જોતો હતો.



ગુરુચરણ સિંઘ ગુમ કેસ

# ચિંતિત 'ભિડે' (મંદાર ચાંદવાડકર)એ કહ્યું છેલ્લી મુલાકાત ક્યારે થઈ હતી

## લોકપ્રિય સિટકોમ તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં રોશન સિંહ સોઢીનું પાત્ર ભજવનાર ગુરુચરણ સિંહ પાંચ દિવસથી ગાયબ છે

લોકપ્રિય સિટકોમ તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં રોશન સિંહ સોઢીનું પાત્ર ભજવનાર ગુરુચરણ સિંહ પાંચ દિવસથી ગાયબ છે. પોલીસ અભિનેતાને શોધી રહી છે. અભિનેતા દિલ્હીથી મુંબઈ જવા રવાના થયો હતો પરંતુ વચ્ચે ક્યાંક ગાયબ થઈ ગયો હતો. તેના પિતાએ એફઆઈઆર નોંધાવી. મંદાર ચાંદવડકરે, જે ગુરુચરણના સહ-અભિનેતા હતા, તેમણે જણાવ્યું કે તે અવારનવાર દિલ્હીથી મુંબઈ જતો રહે છે. મંદાર તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શોમાં ગોકુલધામના એકમાત્ર સેક્રેટરી આત્મારામ તુકારામ ભીડેની ભૂમિકા ભજવે છે. ઈન્ડિયન એક્સપ્રેસ સાથે વાત કરતી વખતે



તેમણે ગુરુચરણ વિશે વાત કરી. જો કે તેણે કોઈ સમસ્યાનો ઉલ્લેખ ન કર્યો પરંતુ જણાવ્યું કે તે છેલ્લે ડિસેમ્બરમાં અભિનેતાને મળ્યો હતો. મંદારે કહ્યું- આ મારા માટે ખૂબ જ આશ્ચર્યજનક છે. તે અવારનવાર દિલ્હીથી મુંબઈ જતો રહે છે. અમે છેલ્લે ડિસેમ્બરમાં દિલીપ જોશી (જેઠાલાલ)ની પુત્રીના લગ્નમાં મળ્યા હતા. અમે સાથે ઘણો સારો સમય પસાર કર્યો. પરંતુ તે પછી અમે ફરી વાત કરી નથી. અમે ફક્ત આશા રાખીએ છીએ અને પ્રાર્થના કરીએ છીએ કે તે સુરક્ષિત છે. ગુરુચરણ સિંહે પાંચ દિવસ પહેલા જ સોશિયલ મીડિયા પર પોતાની છેલ્લી પોસ્ટ કરી હતી. આ પોસ્ટમાં તે તેના પિતાને જન્મદિવસની શુભેચ્છા પાઠવતો જોવા મળ્યો હતો. ગુરુચરણ તેના પિતા સાથે ખૂબ જ ખુશ દેખાતા હતા. ઈન્ડિયા ટુડે સાથે વાત કરતા પિતા હરગીત સિંહે જણાવ્યું હતું કે ગુરુચરણ ૨૨ એપ્રિલથી ગુમ છે. તેની ફરિયાદ બાદ પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. તપાસ બાદ ગુરુચરણનો એક સીસીટીવી વીડિયો સામે આવ્યો, જેમાં તે બેગ લઈને પગપાળા જતો જોવા મળ્યો હતો.

# યુવા અમિતાભને જોઈને ચાહકો આશ્ચર્યચકિત થયા



## 'કલ્કી ૨૮૯૮ એડી' ફિલ્મનો એક નવો ટીઝર વીડિયો સામે આવ્યો છે

બોલિવૂડના મેગાસ્ટાર અમિતાભ બચ્ચન ૮૦ વર્ષથી વધુ ઉંમરમાં પણ પોતાના ચાહકોને એ રીતે આશ્ચર્યમાં મૂકી રહ્યા છે જે ઘણા નવા કલાકારો પણ કરી શકતા નથી. 'કલ્કી ૨૮૯૮ એડી'નો એક નવો ટીઝર વીડિયો સામે આવ્યો છે, જેને આ વર્ષની સૌથી મોટી ફિલ્મોમાંની એક માનવામાં આવે છે. આ વીડિયોમાં અમિતાભનું પાત્ર અને ફિલ્મનો તેમનો ફર્સ્ટ લુક સામે આવ્યો છે. આ વીડિયો જોયા બાદ લોકોના મોં ખુલ્લા રહી ગયા છે. વીડિયોમાં અમિતાભનો એક યુવા અવતાર પણ જોવા મળી રહ્યો છે, જેને જોઈને લોકો આંખો મીંચી રહ્યા છે. નિર્માતાઓએ ફિલ્મના નવા ફૂટેજ શેર કર્યા છે, જેને 'ઈન્ટ્રોડ્યુસિંગ અશ્વત્થામા' નામ આપવામાં આવ્યું છે. વીડિયોમાં અમિતાભનું પાત્ર એક જૂના મંદિરમાં જોવા મળે છે. આ કોઈ પ્રાચીન મંદિર છે જ્યાં એક બાળકે આવીને પૂછ્યું કે તે કોણ છે? અમિતાભ તેને કહી રહ્યા છે કે કેવી રીતે તેઓ સદીઓથી આ ધરતી પર છે. અહીં અમિતાભના ચહેરા પર પટ્ટી બાંધવામાં આવી છે અને માટી લગાવવામાં આવી છે. તેની દાઢી પણ ઘણી લાંબી છે. વિડિયોની મધ્યમાં તેમની યુવાનીનો એક નાનકડો અંશ પણ જોવા મળે છે, જેમાં અમિતાભ બચ્ચન બિલકુલ એવા જ દેખાય છે જે રીતે આપણે તેમને તેમની જૂની ફિલ્મોમાં જોયા છે. વીડિયોમાં અમિતાભ પર હુમલો કરવામાં આવે છે અને તેને ગોળી મારવામાં આવે છે, પરંતુ તેની સાથે કંઈ થતું નથી, તેથી આ નાનું બાળક તેનું રહસ્ય જાણવા માંગે છે. તેની જિજ્ઞાસામાં તે એક તબક્કે એમ પણ કહે છે, 'શું તમે ભગવાન છો?' આ જોઈને અમિતાભનું પાત્ર હસે છે અને પછી પ્રગટ કરે છે, 'મારો સમય આવી ગયો છે, મારા છેલ્લા યુદ્ધનો સમય આવી ગયો છે.' તે આગળ સમજાવે છે કે તે દ્વાપરયુગથી દશાવતારની રાહ જોઈ રહ્યો છે અને તે 'ગુરુ દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામા' છે. 'કલ્કી ૨૮૯૮ એડી'ના આ વીડિયોમાં અમિતાભ અદ્ભૂત દેખાઈ રહ્યા છે, પરંતુ ફ્લેશબેકમાં બતાવવામાં આવેલા તેમના યુવાન અવતારને જોઈને ચાહકો તેના દિવાના થઈ ગયા છે. આમાં અમિતાભનો ચહેરો તેમની જૂની ફિલ્મોમાં જે રીતે જોવા મળે છે તેનાથી ઘણો મળતો આવે છે. વાસ્તવમાં આ સીન માટે ટેક્નોલોજીની મદદથી અમિતાભને 'ડી-એજ' કરવામાં આવ્યા છે એટલે કે તેમની

# કૃષ્ણા મુખર્જીએ પ્રોડ્યુસર પર લગાવ્યા હેરેસમેન્ટના આરોપ

'યે હૈ મોહબ્બતેં'થી લોકપ્રિયતા મેળવનારી ટીવી અભિનેત્રી કૃષ્ણા મુખર્જીએ શોના નિર્માતાઓ પર કેટલાક ગંભીર આરોપો લગાવ્યા છે. અભિનેત્રી હાલ ડેઈલી સોપ 'શુભ શગુન'માં શહેઝાદા ધામી સાથે જોવા મળી રહી છે. હાલ શોનું શૂટિંગ પૂર્ણ કર્યા બાદ ટેલિવિઝનમાંથી બ્રેક પર છે. થોડા કલાકો પહેલા, કૃષ્ણાએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર 'શુભ શગુન' ના સેટ પરના તેના અનુભવ વિશે ચોંકાવનારી માહિતી આપી. તેણીએ ખુલાસો કર્યો કે તે શોના નિર્માતા દ્વારા ઉત્પીડનને કારણે ડિપ્રેશન અને ચિંતાથી પીડાઈ રહી છે. એટલું જ નહીં, તેની લાંબી પોસ્ટમાં, અભિનેત્રીએ કેટલીક હેરાન કરતી વાતો પણ શેર કરી છે. અભિનેત્રીએ જણાવ્યું કે શોના સેટ પર તેને હેરાન કરવામાં આવી હતી. 'યે હૈ મોહબ્બતેં' ફેમ ક્રિષ્ના મુખર્જીએ પણ મેકઅપ રૂમમાં બંધ હોવાની ઘટના અંગે ખુલાસો કર્યો અને કહ્યું કે તેને છેલ્લા ૫ મહિનાથી તેના દ્વારા કરવામાં આવેલા કામ માટે ચૂકવણી કરવામાં આવી નથી. એટલું જ નહીં, ક્રિષ્નાએ નિર્માતા તરફથી મળી રહેલી ધમકીઓ વિશે પણ જણાવ્યું.

# કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના રેડ કાર્પેટ વર્લ્ડ પ્રીમિયરમાં "મંથન" ફિલ્મનો પણ સમાવેશ

શ્યામ બેનેગલની વર્ષ ૧૯૭૬ની એવોર્ડ વિજેતા ફિચર ફિલ્મ "મંથન" ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના પાંચ લાખ ખેડૂતો દ્વારા બનાવવામાં આવી છે. આ ફિલ્મને ૭૭માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૪માં સ્ક્રીનિંગ માટે પસંદ કરવામાં આવી છે. અમૂલ બ્રાન્ડના નામ હેઠળ દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ કરતી ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન હાલ તેમની સુવર્ણ જયંતી ઉજવી રહ્યું છે. આ માઈલસ્ટોનને યાદ કરવા માટે ફેડરેશને ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન કે જે બિન- લાભકારી સંસ્થા છે તેની સાથે હાથ મિલાવ્યો છે, જે મંથન ફિલ્મને ૪દ્મમાં રિસ્ટોર કરશે. મંથનનું ૪દ્મ રિસ્ટોરેશન મે મહિનામાં યોજાનાર કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં સત્તાવાર રેડ કાર્પેટ વર્લ્ડ પ્રીમિયર માટે પસંદ કરવામાં આવ્યું




છે. મંથન એકમાત્ર ભારતીય ફિલ્મ છે જેને આ વર્ષે ફેસ્ટિવલના કાન્સ ક્લાસિક વિભાગ હેઠળ પસંદ કરવામાં આવી છે. ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જયેન મહેતાએ જણાવ્યું કે, "મંથન ભારતીય શ્વેત ક્રાંતિના પ્રણેતા ડો. વગીસ કુરિયનની અગ્રણી દૂધ સહકારી ચળવળથી પ્રેરિત છે. આ ફિલ્મે ડેરી સહકારી ચળવળ પર ખૂબ જ અસર કરી છે. તેણે દેશભરના લાખો ખેડૂતોને સ્થાનિક સહકારી ડેરી બનાવવા માટે પ્રેરિત કર્યા છે અને ભારતને દૂધ ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવામાં મોટું યોગદાન આપ્યું છે." મંથન ફિલ્મની વાર્તામાં દિગ્ગજ કલાકારો સ્મિતા પાટીલ, નસીરૂદ્દીન શાહ, ગિરીશ કર્નાડ, અમરીશ પુરીએ ગરીબ ખેડૂતોના નાના સમૂહના સંઘર્ષ અને વિજયને દર્શાવ્યો છે. જેઓ આર્થિક સ્થિતિ સુધારવા માટે સહકારી ડેરી બનાવવા માટે ભેગા થાય છે. આ એક અસાધરણ ડેરી સહકારી ચળવળની શરૂઆતની વાર્તા છે. રૂ.૧૦ લાખના બજેટમાં બનેલી "મંથન" પ્રથમ ક્રાઉડફંડેડ ભારતીય ફિલ્મ હતી. જેમાં ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના તમામ પાંચ લાખ ડેરી ખેડૂતોએ રૂ.૨ પ્રતિ ખેડૂત ફિલ્મ બનાવવાના ખર્ચ તરીકે આપ્યા હતા. આ ફિલ્મ સમુદાય દ્વારા ચલાવવામાં આવેલ પહેલની પરિવર્તનશીલ સંભાવના દર્શાવે છે.

# છેલ્લા ૧૦ વર્ષમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા : પરિણીતિ

## પ્રિયંકાની માતા સાથે વાત કર્યા બાદ પરિણીતી લંડનથી અભ્યાસ પૂરો કરીને ભારત આવી હતી

અભિનેત્રી પરિણીતી ચોપરા ફિલ્મ 'ચમકિલા'ની સફળતાનો આનંદ માણી રહી છે. દિલજીત દોસાંજ સાથેની તેની જોડીને ઘણી પસંદ કરવામાં આવી રહી છે. તાજેતરમાં જ એક પોડકાસ્ટમાં પરિણીતીએ કેટલીક અંગત બાબતો વિશે વાત કરી હતી. પરિણીતીએ જણાવ્યું કે બહેન પ્રિયંકા પહેલેથી જ ઈન્ડસ્ટ્રીનો હિસ્સો હોવાથી તેના કારણે જ તેને કામ મળ્યું, આ સાચું નથી. તેણે હિન્દી સિનેમામાં પોતાનું આગવું સ્થાન બનાવ્યું છે. જો કે, પ્રિયંકા સાથેના જોડાણને કારણે, તેમને સંપર્કો મેળવવામાં કોઈ સમસ્યાનો સામનો કરવો પડ્યો ન હતો. વર્ષ ૨૦૦૮ મંદીનો સમય હતો. પ્રિયંકાની માતા સાથે વાત કર્યા બાદ પરિણીતી લંડનથી અભ્યાસ પૂરો કરીને ભારત આવી હતી. ઓવરક્વોલિફાઈડ હોવાને કારણે તેને યશરાજ ફિલ્મ્સમાં માર્કેટિંગની નોકરી પણ મળી ગઈ. પરંતુ અભિનેત્રીએ તેના ઉતાર-ચઢાવનો હિસ્સો જોયો છે. કુટુંબનો ટેકો હોવો કેટલો જરૂરી છે તે શીખ્યા. રાજ શમાની સાથે પોડકાસ્ટમાં વાત કરતી વખતે પરિણીતીએ કહ્યું- પ્રિયંકા ચોપરા સાથેના જોડાણને કારણે જો મને કામ મળ્યું હોય તો મારી એક પણ ફિલ્મ ફ્લોપ ન થવી જોઈએ. મેં છેલ્લા ૧૦ વર્ષમાં ઘણા ઉતાર-ચઢાવ જોયા છે. કોઈપણ વ્યક્તિ જે કોઈને કોઈ કારણસર ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલી હોય છે તે ઘણા દબાણમાં હોય છે. તે એવું છે કે તમને પ્રથમ તક મળશે, પ્રથમ મુલાકાત થશે, પ્રથમ ઓડિશન પણ થશે, પરંતુ પછી તમારે જાતે જ આગળ વધવું પડશે. તમારે તમારી જાતને સાબિત કરવી પડશે અને આ ખૂબ મુશ્કેલ છે. "સરખામણી ક્યારેય અટકશે નહીં. આવી સ્થિતિમાં તમારા માટે ટકી રહેવું મુશ્કેલ બની જાય છે. વાસ્તવિકતામાં ભત્રીજાવાદ હોય કે ન હોય, પરંતુ આ ઉદ્યોગમાં પક્ષપાત ચોક્કસ છે. મને ખબર નથી કે કેટલું કામ અને ફિલ્મો ગુમાવી દીધી છે. કારણ કે હું ઈવેન્ટ્સમાં ભાગ લેતો હતો, જો કે, જ્યારે મેં તાજેતરની ફિલ્મ 'ચમકિલા'માં કામ કર્યુ ત્યારે હું મારી કોમ્યુનિકેશન સ્કિલને વધુ સારી બનાવવા માંગતો હતો. તમને જણાવી દઈએ કે પરિણીતી ચોપરાની ફિલ્મ 'ચમકિલા' અમર સિંહ ચમકીલાના જીવન પર આધારિત છે.



# બિગ બોસ OTT 3ની સૌથી મોંઘી સ્પર્ધક બનશે શિવાંગી

સલમાન ખાનનો શો બિગ બોસ ઓટીટી ૩ ટૂંક સમયમાં જ ઓટીટીને ટક્કર આપવા જઈ રહ્યો છે. દરમિયાન, અહેવાલો સામે આવ્યા છે કે બિગ બોસ OTT 3 માટે શિવાંગી જોશીનો સંપર્ક કરવામાં આવ્યો છે. ટીવી સમાચાર પર પ્રભુત્વ ધરાવતી અભિનેત્રી શિવાંગી જોશી દરરોજ કોઈને કોઈ કારણસર સમાચારમાં રહે છે. દરમિયાન, તે હવે બિગ બોસ ઓટીટી ૩ ના કારણે ચર્ચામાં આવી છે. તાજેતરમાં જ નિર્માતાઓએ બિગ બોસ OTT 3 વિશે માહિતી આપી હતી. ત્યારથી મેકર્સ આ શો માટે સેલેબ્સનો સંપર્ક કરી રહ્યા છે. હવે આ યાદીમાં શિવાંગી જોશીનું નામ જોડાઈ ગયું છે. જો રિપોર્ટ્સનું માનીએ તો શિવાંગી જોશીની ટીમ અને મેકર્સ વચ્ચે વાતચીત ચાલી રહી છે. જો કે હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર અહેવાલ સામે આવ્યો નથી. યે રિશ્તા ક્યા કહેલાતામાં નાયરાનું પાત્ર ભજવીને દરેક ઘરમાં ફેમસ બનેલી એક્ટ્રેસ શિવાંગી જોશી સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે.



શિવાંગી અવારનવાર પોતાના ફેન્સ સાથે તસવીરો અને વીડિયો શેર કરતી રહે છે. તમને જણાવી દઈએ કે શિવાંગી જોશીનું નામ આ દિવસોમાં અભિનેતા કશલ ટંડન સાથે જોડાઈ રહ્યું છે.

# બોલિવૂડથી દૂર, હોલીવુડમાં જઈને પ્રિયંકા ચોપરાએ કરી નવી શરૂઆત

## પ્રિયંકા ચોપરાએ 'ક્રિશ', 'બરફી', 'ફેશન', 'ડોન ૨', 'મેરી કોમ' અને 'બાજીરાવ મસ્તાની' જેવી ઘણી સુંદર ફિલ્મોમાં કામ કર્યું હતું

ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરાએ માત્ર હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જ નહીં હોલીવુડમાં પણ ખ્યાતિ મેળવી છે. વર્ષ ૨૦૦૦માં જ્યારે પ્રિયંકા મિસ વર્લ્ડ બની હતી ત્યારે તેના માટે આખી દુનિયા બદલાઈ ગઈ હતી. પ્રિયંકાએ શોબિઝમાં પ્રવેશ કર્યો



અને તે પછી ક્યારેય પાછું વળીને જોયું નથી. પરંતુ પ્રિયંકા માટે અહીં સુધી મુસાફરી કરવી સરળ ન હતી. તેણે ઘણા ઉતાર-ચઢાવ જોયા. પરંતુ એટલું ચોક્કસ છે કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શાનદાર કામ કરીને તેણે દર્શકોના દિલમાં કાયમ માટે પોતાનું સ્થાન બનાવી લીધું છે. પ્રિયંકાએ 'ક્રિશ', 'બરફી', 'ફેશન', 'ડૉન ૨', 'મેરી કોમ' અને 'બાજીરાવ મસ્તાની' જેવી ઘણી સુંદર ફિલ્મોમાં કામ કર્યુ હતું, પરંતુ એક સમય એવો આવ્યો જ્યારે પ્રિયંકાને માત્ર ઈન્ડસ્ટ્રી માટે જ સામનો કરવો પડ્યો અસ્વીકાર Cavanaugh Jamesના પોડકાસ્ટ રીડ ધ રૂમમાં, પ્રિયંકા ચોપરાએ બોલીવુડથી હોલીવુડ સુધીની તેની સફર વિશે વાત કરી. અભિનેત્રીએ જણાવ્યું કે જ્યારે તે પોતાની કરિયર બદલી રહી હતી ત્યારે તેને કેવા પ્રકારના તણાવ અને ચિંતામાંથી પસાર થવું પડ્યું હતું. ભારતીય સિનેમામાં ઉત્કૃષ્ટ કામ કરવા છતાં તેને રિજેક્શન્સ મળ્યા. પ્રિયંકાએ પોતાના શબ્દોને મિશ્રિત કર્યા વિના કહ્યું- મારા માટે બોલિવૂડથી હોલિવૂડમાં જવું ફરી એક નવી શરૂઆત કરવા જેવું હતું. મેં શરૂઆતથી જ શરૂઆત કરી. હું મારા દેશમાં છ વખત એક જ મેગેઝીનના કવર પર દેખાયો હતો. અને યુ.એસ.માં કોઈ મારી સાથે મીટિંગ કરવા પણ ઈચ્છતું ન હતું. આ બધું હાંસલ કરવા માટે મારે ખૂબ જ મહેનત કરવી પડી હતી. કેટલીકવાર સમસ્યાઓ તમને શાંત કરે છે. મેં વિચાર્યુ કે આ બધાનો સામનો કર્યા પછી હું પરેશાન નહીં થઈશ. "હું એમ નહિ કહીશ કે મારા માટે બધા દરવાજા બંધ થઈ ગયા છે. મેં મારી હિંમત રાખી. મેં કેટલાક વધુ કાર્યો કરવાનું આયોજન કર્યુ. મેં વિચાર્યુ કે હું ક્યાં જઈ શકું, હું શું કરી શકું. મારું આગળનું પગલું શું હશે? મેં કામ કરવાનું શરૂ કર્યુ, મેં હિન્દી સિનેમામાં જે કંઈ મેળવ્યું છે તેના વિશે મેં ક્યારેય અભિમાન નથી કર્યુ. "જ્યારે મેં હોલીવુડમાં આવવાનું વિચાર્યુ, ત્યારે હું આ ઉદ્યોગમાં કોઈને ઓળખતો ન હતો. મારી પાસે એવા મિત્રો નહોતા જે મને સવારે ૨ વાગ્યે કૉલ કરી શકે અથવા હું તેમને કૉલ કરી શકું. હું એકલો હતો અને ડરતો હતો. હું ન્યૂ યોર્ક, તે પણ એકલો, તે મારા જીવનનો અંધકારમય સમય હતો.

### હોલિવૂડની ઓફર રિજેક્ટ કરી તેનો અફસોસ

કેટરિના કૈફે ગ્લેમર જગતમાં આગવી ઓળખ ઊભી કરી છે. એક્ટિંગ સ્કિલથી માંડીને રેડ કાર્પેટ એપિયરન્સ સુધીના દરેક તબક્કે કેટરિનાના વખાણ થયા છે. કેટરિનાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યૂ દરમિયાન પોતાનો અફસોસ વ્યક્ત કરતા જણાવ્યુ હતું કે, અગાઉ હોલિવૂડ ફિલ્મની ઓફર થઈ હતી. સંજોગો અનુકૂળ ન હોવાથી ઓફર સ્વીકારી શકી ન હતી, પરંતુ આગામી સમયમાં હોલિવૂડની સારી ઓફર મળવાની આશા કેટરિનાએ વ્યક્ત કરી હતી. કેટરિનાએ જણાવ્યું હતું કે, ભવિષ્યમાં હોલિવૂડની ઓફર મળશે તેવો વિશ્વાસ છે અને તેનાથી મારી કરિયરમાં



નવું સોપાન ઉમેરાશે. એક્ટિંગ ઉપરાંત કેટરિનાને સારી ડાન્સર ગણવામાં આવે છે. કેટરિનાએ સ્વીકાર્યું હતું કે, ડાન્સિંગ સ્કિલે તેની કરિયરમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. કથક નૃત્ય અભિવ્યક્તિનું સચોટ માધ્યમ છે અને તે ડાન્સ કરતાં વિશેષ છે. કથકમાં વ્યક્તિ પોતાની સંવેદનાને નૃત્યના માધ્યમથી રજૂ કરે છે. કથકના કારણે ફિલ્મોમાં કરિયરનો પાયો નંખાયો હતો. સિનેમાની ભાષા અને લાગણી સમજવાની ક્ષમતા કથકે આપી હતી. શરૂઆતના તબક્કામાં પોતે ખૂબ નાની અને અણસમજુ હતી. મહિલા કે યુવતી તરીકે પોતાની ઓળખ કઈ રીતે ઊભી કરવી તેની સમજણ ન હતી. આ સમયે કથક નૃત્યએ અવાજ બનીને મદદ કરી હોવાનું કેટરિનાએ સ્વીકાર્યુ હતું.

# ઓપન આર્ટ ગેલેરી અમદાવાદની ગુફા યુનિવર્સિટી રોડ ખાતે મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓના ચિત્રો નું પ્રદર્શન યોજાયું



। અમદાવાદ, તા.૨૯ ।

નવજીવન કલ્ચર એકટીવીટી ગ્રુપનાં આર્ટ ક્લાસનાં ૩ મનોદિવ્યાંગતા સહ સેરેબ્રલ પાલસી ધરાવતા લાભાર્થીઓ નામે.. ચિરાગ શાહ, વ્યોમ સોની અને દ્રષ્ટિ શાહનાં ચિત્રોનું પ્રદર્શન તા.૨૭/૨૮ દરમિયાન સાંજે ૪થી ૮ માં ઓપન આર્ટ ગેલેરી, અમદાવાદની ગુફા, યુનિવર્સિટી રોડ પર યોજાયેલ. જેમાં આ ૩ લાભાર્થીઓ એ જુદી જુદી થીમ પર, પોતાની લાગણીઓ, વિચારોને રંગસભર કેનવાસ પર ઉતાર્યા હતા. પ્રસિધ્ધ આર્ટિસ્ટો શ્રી કુલીનભાઈ અને શ્રી ભારતીબેન અને શ્રી વિનયભાઈ હસ્તે આ પ્રદર્શન ને ખુલ્લુ મુકવામાં આવ્યુ હતુ.

# અર્ચના વિદ્યા નિકેતન શાળા દ્વારા સુમન સંગીનીમાં દીકરીઓ માટે યોજ્યો ગર્લ્સ સેલ્ફ ડિફેન્સ કાર્યક્મ



। સુરત, તા.૨૯ ।

વરાછા કમલપાર્ક સ્થિત અર્ચના વિદ્યા નિકેતન શાળા અને NSKA કરાટે સંસ્થાના સંયુક્ત પ્રયાસોથી દીકરીઓ અને બહેનો માટે સંગીની પર્વત પાટિયામાં સ્ત્રી સશક્તિકરણ કાર્યક્રમ "જાગૃત બેટી સુરક્ષિત પરિવાર"ના ભાગરૂપે ગર્લ્સ સેલ્ફ ડિફેન્સ કાર્યક્રમનું શાનદાર આયોજન થયેલું હતું. જેમાં સુમન સંગીની આવાસના બહેનો અને દીકરીઓએ ભાગ લીધો હતો.આ ત્રણ દિવસીય કાર્યક્રમ NSKA તરફથી સંજય મોરે, અમલેશ એમ. બાવરીયા, અક્લેશ એમ. બાવરીયા મીનાક્ષી શુક્લાએ ફી માં નિસ્વાર્થ ભાવે સેવા આપી દીકરીઓને સ્વ બચાવ માટે વિવિધ તાલીમ આપી. કાર્યક્રમના છેલ્લા દિવસે તાલીમ લીધેલ તમામ બહેનોને પ્રમાણપત્ર આપવામાં આવ્યું સાથે-સાથે સોસાયટીમાં વિશેષ સિદ્ધિ મેળવનાર બહેનોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. સુમન સંગીની આવાસના તમામ બિલ્ડીંગના પ્રમુખશ્રીઓ તેમજ ઉપસ્થિત તમામ મહિલાઓએ આ કાર્યક્રમને ખૂબ જ ઉત્સાહ અને શાંતિપૂર્વક માણ્યો હતો.કાર્યક્રમને સફળ બનાવવા સોસાયટીના પ્રમુખ શીતલબેનનો વિશેષ સહયોગ મળ્યો. શાળાના કરાટે કોચ સંજયભાઈ મોરે આચાર્યા શ્રી ડૉ. રજીતા તુમ્મા, નિયામક ડૉ.ચંદુભાઈ ભાલીયાએ કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ સારું આયોજન કરેલ હતું. નારી સુરક્ષા, સ્વ બચાવની તાલીમ, જાગૃત બેટી સુરક્ષિત પરિવાર બાબતે નિયામક ડૉ. ચંદુભાઇ ભાલીયા દ્વારા સુંદર પ્રવચન આપવામાં આવ્યું. કાર્યક્રમને સફળ બનાવવા સોસાયટી વાસીઓ અને શિક્ષકોએ ખૂબ સારો સહયોગ આપ્યો.

# અમદાવાદમાં અંધજન મંડળ ખાતે દિવ્યાંગજનો માટે મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત લોકસંવાદ કાર્યક્રમ યોજાયો

। અમદાવાદ, તા.૨૯ ।

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં નાગરિકોની ભાગીદારી વધે અને મહત્તમ મતદાન થાય એ માટે અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદારોને જાગૃત કરવાની વિવિધ પ્રવૃત્તિઓ પૂરજોશમાં ચાલી રહી છે. મતદાન જાગૃતિ અભિયાન અન્વયે જિલ્લા ચૂંટણી તંત્ર, બ્લાઈન્ડ પીપલ એસોસિએશન (અંધજન મંડળ) તેમજ નેશનલ દિવ્યાંગજન ફાઈનાન્સ એન્ડ ડેવલોપમેન્ટ કોર્પોરેશનન્યૂદિલ્હીદ્વારાઅમદાવાદનાઅંધજનમંડળ ખાતે દિવ્યાંગજનો માટે મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત લોકસંવાદ કાર્યક્રમનું આયોજન કરવા આવ્યું હતું. આ કાર્યક્રમમાં દિવ્યાંગ નાગરિકો – મતદારો, મતદાન કરી શકે તે માટે તેમને ઘરબેઠાંમતદાનમાટેનીવ્યવસ્થાઓ,દિવ્યાંગમતદારો માટેની જરૂરી સુવિધાઓ, દિવ્યાંગ મતદારને લાઈનમા ઊભા રહેવાની જરૂર નથી, જેવી વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. દિવ્યાંગોને લોકશાહીના પર્વમાં સહભાગી બનવા મદદરૂપ થતી સક્ષમ એપ્લિકેશન વિશે પણ જણાવવામાં આવ્યું



હતું. આ ઉપરાંત ઉપસ્થિત સૌ દિવ્યાંગજનો અને અંધજનમંડળના સ્ટાફે પોતાના મિત્રો તેમજ સ્વજનોને પણ અવશ્ય મતદાન કરવા પ્રેરિત કરશે, તેવો સંકલ્પ પણ કર્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત હાઈકોર્ટ ના પૂર્વ ન્યાયાધીશશ્રી જસ્ટિસ રવિ ત્રિપાઠી, સ્વીપ એક્ટિવિટીના નોડલ ઓફિસર અને શહેર શિક્ષણ અધિકારી શ્રી રોહિત ચૌધરી, એનડીએફડીસીના એજીએમ શ્રી ડૉ. મનુ મિશ્રા, ભારતીય ચરિત્ર નિર્માણ સંસ્થાના ફાઉન્ડર પ્રેસિડન્ટ શ્રી રામકૃષ્ણ, બ્લાઈન્ડ પીપલ એસોસિએશનના જનરલ સેક્રેટરીશ્રી ડૉક્ટર ભૂષણ પુનાની, એનડીએફડીસીના કોન્સલ શ્રી રવિશંકર, સામાજિક સુરક્ષા અધિકારી સુશ્રી હેતલબહેન તેમજ મોટી સંખ્યામાં દિવ્યાંગજનો તેમજ અંધજન મંડળનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# થરા નગરમાં મુમુક્ષુરત્ના કુમારી પ્રાચી જૈન ધર્મના પ્રચાર પ્રસારાર્થે સંસારનો ત્યાગ પ્રવ્રજયા ગ્રહણ કરશે

। (પ્રતિનિધી) થરા, તા.૨૯ ।



કાંકરેજ તાલુકાના નાથપુરા ગામના વતની અને થરા નગરના ભક્તિ નગરમાં રહેતા અને હાઈસ્કૂલ શોપીંગ સેન્ટરમાં ચક્રેશ્વરી ઝેરોક્ષ સેન્ટર નામની દુકાન ચલાવતા તણેચા ચેતનભાઈ શંકરલાલ શાહની પુત્રી પ્રાચીબેને ઉચ્ચ અભ્યાસ અને સાધ્વી ગુરૂ ભગવંતો પરિવારના સંસ્કાર થકી તેને સંસારનો ત્યાગ કરવનો મક્કમ નિર્ણય કરતાં ગુરૂ ભગવંતોના આશીર્વાદથી પરિવારજનોએ અનુમતિ આપતાં દાદી અને ફૈઈ મહારાજ સાહેબના પંથ જૈન ધર્મના પ્રચાર પ્રસારાર્થે દીક્ષા પ્રવજલ્યાનું મુહર્ત આવ્યુને મુમુક્ષુ રત્ના ચિ. પ્રાચીના દીક્ષા મહોત્સવની ઉજવણીનો ગઈકાલથી તા.૨૯મી એપ્રિલથી પ્રારંભ થયો છે. આજે વહેલી સવારે પૂ.ગુરૂ ભગવંતોનું સામૈયુ કરાયું હતું. બપોરે શ્રી સિધ્ધચક્ર મહાપૂજન ભણાવાયું હતું. રાત્રે આઠ વાગે 'અહો જિનશાસનમ' સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે. આજે સવારે આઠ વાગે વર્ષીદાન યાત્રા, બપોરે ૧૧.૩૦ કલાકે બેઠુ વર્ષીદાન, બપોરે બે વાગે મોહે રંગ દે સંયમ રંગ મેં કાર્યક્રમ, સાંજે પાંચ વાગે અંતિમ વાયણું, રાત્રે આઠ વાગે સ્ટેજ કાર્યક્રમ યોજાશે.

આવતી કાલે પહેલી મે બુધવારે સવારે પાંચ વાગે મુમુક્ષુરત્નાનો દીક્ષા મહોત્સવ સ્થળમાં પ્રવેશ, સવારે ૫.૪૫ કલાકે પ્રવ્રજયા વિધિનો પ્રારંભ થશે અને મુમુક્ષુ રત્ના કુમારી પ્રાચી દીક્ષા ગ્રહણ કરીને વીર પ્રભુના માર્ગે પગલા ભરશે.

# થરા શાક માર્કેટ ખાતે ગોગ મહારાજની રમેલ યોજાઈ

। (પ્રતિનિધી) થરા, તા.૨૯ ।



કાંકરેજ તાલુકાના થરા નગરમાં માર્કેટ યાર્ડમાં આવેલ શાક માર્કેટ ખાતે ગોગ મહારાજના મંદિરે ચૈત્રી રમેલનું આયોજન સમસ્ત શાક માર્કેટ વેપારી ભાઈઓ દ્વારા કરવામાં આવેલ જેમાં સાંજે ચારથી પાંચસો ભાવિક ભક્તોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.સવારે તેલ ફુલ ચડવવામાં આવેલ ત્યારે વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

# દમણમાં રાહુલ ગાંધીએ કેતન પટેલ માટે પ્રચાર કર્યો

। (એજન્સી) દમણ, તા.૨૯ ।

ગુજરાતમાં ૭ મી મેએ લોકસભા ચૂંટણી માટે મતદાન થવાનુ છે ત્યારે કોંગ્રેસના સ્ટાર પ્રચારકો દ્વારા ગુજરાતમાં પ્રચારની શરૂઆત થઈ ગઈ છે. ગઈકાલે પ્રિયંકા ગાંધીએ વલસાડમાં કોંગ્રેસના ઉમેદવાર અનંત પટેલ માટે પ્રચાર કર્યો જ્યારે આજે સંઘપ્રદેશ દમણમાં રાહુલ ગાંધીની જાહેરસભા યોજાઈ હતી. આ દરમિયાન રાહુલ ગાંધીએ કેતન પટેલ માટે પ્રચાર કર્યો. રાહુલે દમણના પ્રશાસક પ્રફુલ પટેલને તેમના શબ્દોના બાણથી જાણે ધોઈ નાખ્યા હતા અને એક જુજારુ નેતાની જેમ પ્રફુલ પટેલ પર એક બાદ એક ચાબખા મારતા જોવા મળ્યા હતા. રાહુલ ગાંધીએ પીએમ મોદી અને પ્રફુલ પટેલ પર વાર કર્યો કે નરેન્દ્ર મોદીએ પ્રફુલ પટેલને રાજાની જેમ તમારા માથા પર બેસાડી રાખ્યા છે. પ્રફુલ પટેલ અહીંના પ્રશાસકની જેમ નહીં, રાજાની જેમ વર્તે છે. પહેલા આ કિલ્લામાં રાજા બેસતા એવી જ રીતે પ્રફુલ પટેલને બેસાડી દેવાયા છે. આ રાજાને દિલ્હીથી બેસાડવામાં આવ્યા છે અને કહેવામાં આવ્યુ છે તમે રાજા છો જે કરવુ હોય તે કરી શકો છો. પ્રફુલ પટેલને લોકોના ઘર તોડવાની અને અન્ય તમામ છૂટ આપવામાં આવી છે. તેને અહીંથી ભગાડો અને કેતન પટેલને જીતાડો. રાહુલ ગાંધીએ આરએસએસ અને ભાજપ પર પ્રહાર કર્યા. રાહુલે કહ્યુ લોકશાહી અને વિવિધ સંસ્થાઓનો નાશ થઈ રહ્યો છે. શિક્ષણ ક્ષેત્રે વાઈસ ચાન્સેલરના પદ પર આરએસએસના લોકોને નિયુક્ત કરવામાં આવી રહ્યા છે.

# ઝાલોદ તાલુકામા ચુંટણી કામગીરીમાં નિમણૂક થયેલ અધિકારીઓ, પોલીસ કર્મચારીઓનુ પોસ્ટલ મતદાન યોજાયું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

આવનારી ૦૭-૦૫-૨૦૨૪ મંગળવારના રોજ ગુજરાતમાં યોજાનારી લોકસભાની ચૂંટણી અન્વયે ઝાલોદ તાલુકામાં સેન્ટ આનૉલ્ડ તેમજ સાયન્સ કોલેજ ખાતે ચૂંટણીની કામગીરીમાં નિમણૂક થયેલ અધિકારી, કર્મચારીઓ, પોલીંગ સ્ટાફ, ઝોનલ ઓફિસર, મદદનીશ ઝોનલ ઓફિસર, પોલીસ સ્ટાફ, રીસીવીંગ ડિસ્પેચીંગ સ્ટાફ તેમજ ૧૯ ઝાલોદ (અ.જ.જા) સંસદીય વિસ્તાર બહારના છે તેમજ જેમણે ફોર્મ ૧૨ ભરી ઝાલોદ કચેરીએ પોસ્ટલ બેલેટ ઈસ્યુ કરવા માંગણી કરેલ છે તેવા મતદારોને મતદાન કરાવવા અને આવશ્યક સેવા સાથે સંકળાયેલ મતદારો માટે ફેસીલીટેશન સેંટર બનાવવામાં આવેલ હતું અને ત્યાં જઈ દરેક મતદારોએ પોતાના નામની ખરાઈ અને વેરિફિકેશન કરાવી મતદાન કર્યું હતું.

આજરોજ તારીખ ૨૯-૦૪-૨૦૨૩ સોમવારના રોજ પોલીંગ સ્ટાફ માટે સાયન્સ કોલેજ અને પોલીસ સ્ટાફ માટે અને આનૉલ્ડ સ્કૂલ ખાતે ચૂંટણી કર્મચારીઓ તેમજ પોલીસ કર્મચારીઓ દ્વારા પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન યોજવામાં આવ્યું હતું. ભારતીય ચુંટણી કમિશનર દ્વારા ચુંટણી પ્રક્રિયાની કામગીરીમા રોકાયેલ તમામ લોકોનું તબક્કા વાર મતદાન યોજવામાં આવી રહેલ છે.

# રેલવે સંરક્ષામાં ઉત્કૃષ્ટ કામ માટે મંડળ રેલ પ્રબંધક દ્વારા પાંચ રેલવે કર્મચારીઓ સન્માનિત





। અમદાવાદ, તા.૨૯ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ ઉપર સુરક્ષિત ટ્રેન સંચાલનમાં ઉત્કૃષ્ટ કામના અમલીકરણ માટે મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ પાંચ રેલવે કર્મચારીઓને સન્માનિત કર્યા. આ કર્મચારીઓને ડ્યુટીના સમયે તેમની સજાગતા અને સતર્કતાથી અમંગળ ઘટનાઓને રોકવામાં તેમણે આપેલ યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા.

વરિષ્ઠ મંડળ સંરક્ષા અધિકારી શ્રી ઉમેશ પ્રસાદે માહિતી આપતાં જણાવ્યું કે રેલવે સંચાલનમાં સતર્કતાથી કામ કરતાં સ્પ્રીંગ તૂટેલી મળવી, રેલવે ફેક્ચર મળવું, ઓપરેટિંગ કપલર તૂટેલું મળવું, વેગનનું એડેપ્ટર વધારે ફરી ગયેલું મળવું તેમજ વેગનથી તણખા ઝરતાં જોવાં જેવી ટેકનિકલ ખામીઓ શોધનારા આ રેલવે કર્મચારીઓની સજાગતા અને સતર્ક નજરોથી સુરક્ષિત રેલવે સંચાલનમાં મદદ મળી અને તેઓની તાત્કાલિક કાર્યવાહીથી સંભવ દુર્ઘટનાઓને ટાળી શકાઈ. સંરક્ષા મેડલ અને પ્રમાણ પત્રથી સન્માનિત રેલવે કર્માચારીઓમાં શ્રી અવિનાશ ત્રિપાઠી, સહાયક લોકો પાયલોટ-ગાંધીધામ, સુશ્રી ભાવિકા સાકરે, સહાયક લોકો પાયલોટ-સાબરમતી, શ્રી નરસિંહ ગેલા, પોઈન્ટ્સમેન-વિરમગામ, શ્રી રાજ કુમાર, ટ્રેન મેનેજર-પાલનપુર, શ્રી અનૂપ યોગી, ટ્રેન મેનેજર-પાલનપુર એ ડીઆરએમ પાસેથી સન્માન પ્રાપ્ત કર્યું.

ડીઆરએમ શ્રી સુધીર કુમાર શર્માએ જણાવ્યું કે પુરસ્કૃત રેલવે કર્મચારી અન્ય તમામ રેલવે કર્મચારીઓ માટે અનુકરણીય આદર્શ છે જેમણે ડ્યુટી દરમિયાન ટેકનિકલ ખામીઓને શોધી અને તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી જેનાથી ટ્રેનોનું સુરક્ષિત સંચાલન સુનિશ્ચિત કરાવવામાં ઉત્સાહ અને કટિબદ્ધતા બતાવી. અમને આ તમામ પુરસ્કૃત રેલવે કર્મચારીઓ ઉપર ગર્વ છે જેમણે તાત્કાલિક કાર્યવાહી અને સતર્કતાથી કોઈપણ અમંગળ ઘટનાની સંભાવનાઓને ટાળવામાં પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. પ્રેમ પ્રકરણમાં ગુલામની જેમ વર્તશો નહીં. સખત મહેનત અને ધીરજ દ્વારા તમે તમારા ધ્યેયની પ્રાપ્તિ કરશો.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. કોઈક નવા-સવા પરિચયમાં આવેલા સાથે તમારી અંગત બાબતો શૅર કરતા નહીં. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવારમાંથી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. પ્રેમ હંમેશાં ઊંડી ભાવનાઓ ધરાવતું હોય છે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે ધ્યાન રાહત લાવશે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. તમારી અપેક્ષા કરતાં મિત્રો વધુ સહકાર આપ શે. આજે આંધળો પ્રેમ પ્રાપ્ત કરવાનું તમે શક્યા કરી દેખાડશો. કામના સ્થળે આજે તમે એક અદભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે. કોઈ કારણોસર, આજે તમારી ઓફિસ માં વહેલા રજા હોઈ શકે છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. આજે તમને લાભ થશે-કેમ કે પરિવારના સભ્યો તમને હકારાત્મક રીતે પ્રતિસાદ આપશે. આજે તમે તમારા સ્વપ્નની સુંદરીને મળતા જ તમારી આંખો ખુશીથી ચમકી ઊઠશે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવાની પુરી શક્યતા છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તાણની અવગણના કરતા નહીં. તે ઝડપથી તંબાકુ અને આલ્કોહૉલ જેવો રોગચાળો બની રહ્યું છે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. દીકરીની બીમારી તમારો મિજાજ ખરાબ કરી મુકશે. તેને આ બીમારીમાંથી બહાર નીકળવા માટે તમારો પ્રેમ અને લાગણી આપી તેનો મિજાજ બદલવામાં મદદ કરો પ્રેમમાં લોકોને સાજા કરવાની ગજબની શક્યતા રહેલી છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જયી શકે છે અને તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે ધ્યાન તથા સ્વયં-સમજ લાભદાયક પુરવાર થશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. રસોડા માટે જરૂરી ચીજની ખરીદી સાંજે તમને વ્યસ્ત રાખશે. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે. એકાદ સરપ્રાઈઝનું આયોજન કરો અને આજના દિવસને તમારા જીવનનો સૌથી સુંદર દિવસ બનાવો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. નવું પારિવારિક સાહસ શરૂ કરવા માટે શુભ દિવસ. આ સાહસને સફળ બનાવવા માટે પરિવારના સભ્યની મદદ લો. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે.






નવી દિલ્હીમાં ભારતના મંડપમ ખાતે સોસાયટી ઓફ ઈન્ડિયન લો ફર્મ્સ (એસઆઈએલએફ) બિલ્ડિંગના ઉદ્દઘાટન પ્રસંગે વાઈસ પ્રેસિડેન્ટ શ્રી જગદીપ ધનખર કાયદા સમુદાયને સંબોધિત કરતા નજરે પડે છે.

## ન્યુઝ બોક્ષ

### કાશ્મીર હવામાનઃ કાશ્મીરમાં ભારે વરસાદ વચ્ચે ભૂસ્ખલન



। (એજન્સી) જમ્મુ કાશ્મીર, તા.૨૯ ।

મેદાની વિસ્તારોમાં આકરી ગરમી વચ્ચે પહાડોમાં ભારે વરસાદ ચાલુ છે. હવે વરસાદે સામાન્ય જનજીવન ખોરવ્યું છે. ભારે વરસાદને કારણે અનેક જગ્યાએ ભૂસ્ખલન થયું છે. જેના કારણે કિશ્તવાડ વિસ્તારમાં જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો છે.જ્યાં સુધી હવામાનમાં સુધારો ન થાય અને રસ્તો સાફ ન થાય ત્યાં સુધી લોકોને NH-44 પર મુસાફરી કરવાનું ટાળવાની સલાહ આપવામાં આવી છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જારી કરાયેલી સૂચનાઓ મુજબ, વિદ્યાથીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે ખરાબ હવામાન અને ભારે વરસાદને કારણે આજે, ૨૯ એપ્રિલ, જિલ્લા રામબનની તમામ શાળાઓ બંધ રહેશે. જો કે પરીક્ષા રદ કરવામાં આવશે નહીં.રામબન જિલ્લામાં ઘણી જગ્યાએ ભારે વરસાદને કારણે ભૂસ્ખલન અને પથ્થરો પડવાને કારણે જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે બ્લોક થઈ ગયો હતો. ખરાબ હવામાનને કારણે જિલ્લાની તમામ શાળાઓ બંધ રહેશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે પણ સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેશે અને મધ્યમ વરસાદ પડશે.

### બાળકોની હેરફેર કરતી ગેંગના ૭ સભ્યોની ધરપકડ કરાઈ

। (એજન્સી) મુંબઈ, તા.૨૯ ।

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ યુનિટે બાળકો વેચતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ ટોળકી મહારાષ્ટ્ર ઉપરાંત તેલંગાણા, આંધ્રપ્રદેશ અને અન્ય શહેરોમાં બાળકોનું વેચાણ કરતી હતી. ક્રાઈમ બ્રાન્ચ યુનિટ ૨ આ કેસમાં અત્યાર સુધીમાં ૭ લોકોની ધરપકડ કરી ચૂકી છે. તેમજ વેચાયેલા બે બાળકોને બચાવી લીધા હતા. ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી રાગસુધા આરના જણાવ્યા અનુસાર, તેમને માહિતી મળી હતી કે વિક્રોલીની રહેવાસી કાંતા પેડનેકર નામની મહિલાએ તેના ૫ મહિનાના બાળકને શીતલ વારે નામની મહિલાને વેચી દીધું છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમે જ્યારે શીતલ વારેને શોધીને તેની પૂછપરછ કરી તો સામે આવ્યું કે, શીતલે એક બાળક નહીં પરંતુ ૫ બાળકો વેચ્યા છે. જ્યારે કાંતા પેડનેકરનું બાળક ડોક્ટરને વેચી દેવામાં આવ્યું છે. માહિતી મળ્યા બાદ ક્રાઈમ બ્રાન્ચે સંજય સોપાન રાવ નામના ડોક્ટરની ધરપકડ કરી હતી. જ્યારે તેની પૂછપરછ કરવામાં આવી ત્યારે જાણવા મળ્યું કે તેણે બાળક અન્ય વ્યક્તિને ૨ લાખ રૂપિયામાં વેચી દીધું હતું. આ મામલે ક્રાઈમ બ્રાન્ચની ટીમે વધુ તપાસ કરી તો જાણવા મળ્યું કે આ ટોળકીએ અત્યાર સુધીમાં કુલ ૧૪ બાળકો વેચી દીધા છે. વેચવામાં આવેલા બાળકોની ઉંમર લગભગ ૮ મહિનાથી ૨ વર્ષ સુધીની છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે અત્યાર સુધીમાં આ ગેંગના ૭ લોકોની ધરપકડ કરી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે અત્યાર સુધીમાં રત્નાગીરી અને મલાડમાંથી બે બાળકોને બચાવ્યા છે. તપાસ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચને જાણવા મળ્યું કે આ એજન્ટો ફર્ટિલિટી હોસ્પિટલોમાં કામ કરે છે. જેના કારણે કોને બાળકની જરૂર છે તેની માહિતી તેઓ સરળતાથી મેળવી લે છે. ડીસીપી રાગસુધા આરના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં ૧૪ બાઈક વેચાઈ હોવાની માહિતી મળી છે.

**સેના બાદ હવે NDRF પણ ઉતરી । જિલ્લા મેજિસ્ટ્રેટની માંગ પર રાજ્ય સરકારે નૈનીતાલના જંગલોમાં લાગેલી આગને બુઝાવવા માટે ગદરપુર કેન્દ્રથી એનડીઆરએફની ટીમ મોકલી છે**

# ઉત્તરાખંડના જંગલોમાં ચાર દિવસથી ભીષણ આગ લાગી

। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૨૯ ।

ઉત્તરાખંડના જંગલોમાં ચાર દિવસથી ભીષણ આગ લાગી છે. આને કાબૂમાં લેવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ પછી પણ આગ વધી રહી છે. આગ ઓલવવા માટે પહેલા સેનાને તૈનાત કરવામાં આવી હતી. આગને જોતા હવે એનડીઆરએફની ટીમ પણ આ કામ માટે તૈનાત કરવામાં આવી રહી છે. સરકાર દ્વારા આગ ઓલવવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સેના બાદ હવે ઉત્તરાખંડના કેનાનિતાલના જંગલોમાં લાગેલી આગને બુઝાવવા માટે એનડીઆરએફની ટીમ પણ તૈનાત કરવામાં આવી છે. એનડીઆરએફ મનોરા રેન્જ, ભવાલી, ભીમતાલ અને નૈનીતાલની આસપાસના વિસ્તારોના જંગલોમાં લાગેલી આગ પર કાબૂ મેળવવાનું કામ કરશે. માહિતી આપતાં નૈનીતાલ મનોરા રેન્જના રેન્જર મુકુલ શર્માએ જણાવ્યું કે જંગલોના ઘણા ભાગોમાં હજુ પણ ભારે આગ લાગી છે. તેને કાબૂમાં લેવા માટે ગદરપુર સેન્ટરથી



એનડીઆરએફની એક પ્લાટૂનને આગ બુઝાવવા માટે બોલાવવામાં આવી છે. ગદરપુરથી નૈનીતાલ પહોંચેલી ટીમને રાની બાગ વન વિભાગના રેસ્ક્યુ સેન્ટરમાં ભેગા કરવામાં આવી હતી. આ પછી ટીમને બે ભાગમાં વહેંચીને નૈનીતાલ અને ભવાલી મોકલવામાં આવી છે, જે દુર્ગમ વિસ્તારોમાં આગ ઓલવવાનું કામ કરશે. તમને જણાવી દઈએ કે છેલ્લા ચાર દિવસથી નૈનીતાલના પહાડી વિસ્તારના જંગલોમાં જોરદાર આગ લાગી છે. તેને ઓલવવા માટે અમારે વન વિભાગ અને ફાયર કમીઓ સાથે ભારતીય વાયુસેનાનો આશરો લેવો પડ્યો હતો. હવે આગ બુઝાવવા માટે એનડીઆરએફને પણ તૈનાત કરવામાં આવી છે. અત્યાર સુધી જંગલમાં લાગેલી આગને કારણે પહાડોમાં આવેલ હજારો હેક્ટર જંગલ વિસ્તાર બળીને રાખ થઈ ગયો છે. જંગલોમાં ઝડપથી વધી રહેલી આગને પહોંચી વળવા રાજ્ય સરકાર પણ એલર્ટ મોડમાં છે. જિલ્લા મેજિસ્ટ્રેટ વંદના સિંહે આગ પર કાબૂ મેળવવા માટે રાજ્ય સરકાર પાસેથી એનડીઆરએફની માગણી કરી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટની માંગ પર રાજ્ય સરકારે નૈનીતાલના જંગલોમાં લાગેલી આગને બુઝાવવા માટે ગદરપુર કેન્દ્રથી એનડીઆરએફની ટીમ મોકલી છે.

### થોડા સમય પહેલાં દુબઈમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી

# દુબઈમાં બનશે દુનિયાનું સૌથી મોટું ઈન્ટરનેશનલ એરપોર્ટ

**દુબઈના શાસક શેખ મોહમ્મદ બિન રાશિદ અલ-મકતુમે નવા પેસેન્જર ટર્મિનલને મંજૂરી આપી હતી**

। (એજન્સી) દુબઈ, તા.૨૯ ।

દુબઈમાં દુનિયાનું સૌથી મોટું એરપોર્ટ બનવા જઈ રહ્યું છે. તેનું નામ અલ મકતુમ ઈન્ટરનેશનલ એરપોર્ટ હશે. દુબઈના શાસક શેખ મોહમ્મદ બિન રાશિદ અલ-મકતુમે નવા પેસેન્જર ટર્મિનલને મંજૂરી આપી હતી. તેમણે કહ્યું કે દુબઈમાં દુનિયાનું સૌથી મોટું એરપોર્ટ હશે. તે વૈશ્વિક કેન્દ્ર તરીકે વિકસિત થશે. એરપોર્ટ બનાવવા માટે લગભગ ૩૫ બિલિયન ડોલર એટલે કે લગભગ ૨.૯ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ એરપોર્ટ પર પાંચ સમાંતર રનવે હશે. આ સિવાય ૪૦૦ એરક્રાફ્ટ ગેટ હશે. એરપોર્ટની ક્ષમતા વાર્ષિક ૨૬ કરોડ લોકોની હશે.શેખ મોહમ્મદ બિન રશીદ અલ-મકતુમે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે નવો પ્રોજેક્ટ "અમારા બાળકો અને તેમના બાળકો માટે સતત અને સ્થિર વિકાસની ખાતરી



કરશે." દુબઈ એરપોર્ટની ગણતરી વિશ્વના સૌથી વ્યસ્ત એરપોર્ટમાં થાય છે. ૨૦૨૨ માં, આ એરપોર્ટનો ઉપયોગ ૬૬ મિલિયન મુસાફરો દ્વારા કરવામાં આવ્યો હતો. દુબઈ મીડિયા ઓફિસે જણાવ્યું હતું કે આ પગલું વિશ્વ મંચ પર અગ્રણી એવિએશન હબ તરીકે દુબઈની સ્થિતિને વધુ મજબૂત કરશે. તાજેતરમાં દુબઈમાં ભારે વરસાદ બાદ પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. આવી સ્થિતિમાં એર ઈન્ડિયા એક્સપ્રેસે દુબઈ જતી અને જતી ફ્લાઈટમાં ૫૦ ટકાનો ઘટાડો કર્યો હતો. મુસાફરોને સુવિધા આપવા માટે, ભારતીય દૂતાવાસે એડવાઈઝરીમાં કહ્યું હતું કે 'છઈના અધિકારીઓ હિલચાલને સામાન્ય બનાવવા માટે કામ કરી રહ્યા છે. એરપોર્ટ અધિકારીઓએ સલાહ આપી છે કે યાત્રીઓ પ્રસ્થાનની તારીખ અને સમય અંગે એરલાઈન્સ તરફથી અંતિમ પુષ્ટિ કર્યા પછી જ મુસાફરી કરી શકે છે.

### હરસિમરત કૌર બાદલ માટે પ્રચાર કરી રહી હતી

# શિરોમણી અકાલી દળના કાર્યક્રમમાં કાર્યકર્તાઓની વચ્ચે ઝપાઝપી થઈ

**એકબીજા ઉપર ખુરશીઓ ફેંકી, હંગામા બાદ હરસિમરત કૌર બાદલે કાર્યક્રમ રદ કર્યો**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

પંજાબના ભટિંડામાં શિરોમણી અકાલી દળના એક કાર્યક્રમમાં પાટી કાર્યકર્તાઓ એકબીજા સાથે ઘર્ષણમાં પડ્યા હતા. થોડી જ વારમાં મામલો એટલો વધી ગયો કે બંને પક્ષોએ એકબીજા પર ખુરશીઓ મારવાનું શરૂ કર્યું. ભટિંડાના એક ખાનગી રિસોર્ટમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અકાલી દળના અનેક વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા.



આ ઘટનાનો વીડિયો સામે આવ્યો છે, જેમાં પાટીના કાર્યકરો એકબીજા પર ખુરશી ફેંકતા જોવા મળે છે. તે જ સમયે, ઘટના બાદ સમગ્ર રિસોર્ટમાં અફરા-તફરી મચી ગઈ હતી. સ્થળ પર હાજર સુરક્ષાકમીઓએ મોટી મુશ્કેલીથી આગેવાનોને બહાર કાઢ્યા હતા. ભટિંડા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. મળતી માહિતી મુજબ, આ કાર્યક્રમમાં હરસિમરત કૌર બાદલ પણ આવવાના હતા, પરંતુ તેઓ કાર્યક્રમમાં હાજર ન થાય તે પહેલા જ વિવાદ સર્જાયો હતો. જેના કારણે કાર્યક્રમ મોકૂફ રાખવો પડ્યો હતો. મળતી માહિતી મુજબ શિરોમણી અકાલી દળની યુવા પાંખના નેતાઓએ કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. જેમાં તેઓ જીછઢ્ઢ ઉમેદવાર હરસિમરત કૌર બાદલ માટે પ્રચાર કરી રહ્યા હતા. આ દરમિયાન બંને પક્ષો વચ્ચે કોઈ બાબતે બોલાચાલી થઈ હતી. વિવાદ એટલો વધી ગયો કે સ્ટેજ પાસે હાજર બંને પક્ષોએ એકબીજા પર ખુરશીઓ ફેંકવાનું શરૂ કરી દીધું. તમને જણાવી દઈએ કે પંજાબની ૧૩ લોકસભા સીટો માટે ૧ જૂનના રોજ મતદાન થશે.

### કેન્યામાં પૂરને કારણે તબાહીના દ્રશ્યો સર્જાયા

# કેન્યામાં કુદરતી હોનારતમાં ૧૪૦થી વધારે લોકોના મોતની આશંકા

। (એજન્સી) કેન્યા, તા.૨૯ ।

કેન્યાના માઈ માહિયુ ક્ષેત્રમાં ભારે પૂરથી મૃત્યુઆંક ૨૦ થી વધીને ૪૨ પર પહોંચી ગયો છે. આ પહેલા સોમવારે સિટીઝન ટેલિવિઝને અહેવાલ આપ્યો હતો. આફ્રિકન દેશમાં પૂરે તબાહી મચાવી છે જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. પૂરના કારણે મોટી સંખ્યામાં લોકો બેઘર બન્યા છે. મધ્ય કેન્યાના માઈ માહિયુમાં પૂરમાં ઓછામાં ઓછા ૪૨ લોકોના મોત થયા છે. સોમવારે વહેલી સવારે આ વિસ્તારમાં બંધ તૂટ્યા બાદ મૃત્યુઆંક વધી શકે છે. પોલીસે આ માહિતી આપી હતી. ત્યારે કેન્યા રેડ ક્રોસના ૪ એકાઉન્ટ પર ભયાનક પૂરની તસવીરો પોસ્ટ કરવામાં આવી હતી. હાઈવે સત્તાવાળાઓએ પૂર પછીના દ્રશ્યો દર્શાવ્યા હતા, જેમાં વૃક્ષો ઉખડી ગયા હતા અને કાર લોગ અને કાદવ વચ્ચે ફસાઈ હતી. નૈવાશા પોલીસ કમાન્ડર સ્ટીફન કિરુઈએ જણાવ્યું હતું કે,અમે અત્યાર સુધીમાં ૧૭ સગીરો સહિત ૪૨ મૃતદેહો બહાર કાઢ્યા છે. સવારની ઘટના બાદ કિજાબે વિસ્તારમાં તેના કાંઠા પર બંધ તૂટી ગયો હતો અને શોધ અને બચાવ કામગીરી ચાલી રહી છે. અગાઉ સોમવારે, કેન્યા રેડ ક્રોસે જણાવ્યું હતું કે અચાનક પૂરના કારણે ઘણા લોકોને માઈ માહિયુમાં આરોગ્ય સુવિધામાં લઈ જવામાં આવ્યા હતા. છેલ્લા મહિનાથી ભારે વરસાદ અને પૂરના કારણે આજના મૃત્યુઆંક



૧૪૦ થી વધુ થઈ ગયા છે. માઈ માહિયુ ઘટનાને બાદ કરતા સરકારી આંકડા દર્શાવે છે કે સોમવાર સુધીમાં ૧૦૩ લોકો માર્યા ગયા હતા અને ૧૮૫,૦૦૦ થી વધુ લોકો વિસ્થાપિત થયા હતા. કેન્યા રેડ ક્રોસે શુક્રવારે જણાવ્યું હતું કે રવિવારે મોડી રાત્રે પૂર્વી કેન્યામાં ગેરિસા કાઉન્ટીમાં તાના નદીમાં બોટ પલટી જતાં તેના કર્મચારીઓએ બે મૃતદેહ બહાર કાઢ્યા હતા. તે જ સમયે, આ ઘટનામાં ૨૩ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા તાંઝાનિયા અને બુરુન્ડી સહિત અન્ય પૂર્વ આફ્રિકન દેશોમાં ભારે વરસાદને કારણે ડઝનેક લોકો માર્યા ગયા છે અને હજારો લોકો વિસ્થાપિત થયા છે. પૂરના કારણે રસ્તાઓ અને પુલ જેવા માળખાકીય સુવિધાઓને વ્યાપક નુકસાન થયું છે. કેન્યા એરપોર્ટ ઓથોરિટીએ રવિવારે જણાવ્યું હતું કે રાજધાની નૈરોબીમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર રોડ અંડરપાસ પૂરથી ભરાઈ ગયો હતો પરંતુ ફ્લાઈટ્સ સામાન્ય રીતે કાર્યરત હતી. સરકારી પ્રવક્તાએ જણાવ્યું હતું કે હાઈડ્રોઈલેક્ટ્રિક ડેમ સંપૂર્ણ ક્ષમતાથી ભરાઈ ગયા છે, જે ડાઉનસ્ટ્રીમમાં મોટા પ્રમાણમાં ઓવરફ્લોનું કારણ બની શકે છે. ૨૦૨૩ના અંતમાં છેલ્લી વરસાદની મોસમ દરમિયાન પૂર્વ આફ્રિકામાં પણ રેકોર્ડ પૂર આવ્યું હતું. વૈજ્ઞાનિકો કહે છે કે આબોહવા પરિવર્તન વધુ તીવ્ર અને વારંવાર આત્યંતિક હવામાનની ઘટનાઓનું કારણ બની રહ્યું છે.

**IBની ધમકીના રિપોર્ટ બાદ ગૃહ મંત્રાલયનો મોટો નિર્ણય**

# EDની તમામ ઓફિસમાં CISF તૈનાત કરવામાં આવશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ તાજેતરમાં કૌભાંડ સંબંધિત મામલામાં તેની કાર્યવાહી તેજ કરી છે, જેના કારણે રાજકીય પક્ષોના સમર્થકો દ્વારા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ટીમ પર પણ હુમલો કરવામાં આવ્યો છે. હવે, સતત વધી રહેલી પ્રવૃત્તિ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ધમકીને ધ્યાનમાં રાખીને, CISF ને નિયમિત ટીમ સાથે તૈનાત કરવામાં આવશે. ગૃહ મંત્રાલય સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું હતું કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની સતત વધી રહેલી ગતિવિધિ અને ટીમ માટેના ખતરાને ધ્યાનમાં રાખીને, CISFને દેશભરમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ કાર્યાલયોમાં નિયમિત પણે તૈનાત કરવામાં આવશે. કહેવામાં આવી રહ્યું છે કે છેલ્લા કેટલાક દિવસોમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ઓફિસ અને તેના અધિકારીઓ પર વધી રહેલા ખતરાને જોતા અને IBના ધમકીના રિપોર્ટના આધારે ગૃહ મંત્રાલયે આ નિર્ણય લીધો છે.

માહિતી અનુસાર, શરૂઆતમાં CISF દળોને કોલકાતા, રાંચી, રાયપુર, મુંબઈ, જલંધર, જયપુર, કોચી તેમજ અન્ય સ્થળોએ સ્થિત એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ઓફિસમાં તૈનાત કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે જાન્યુઆરીમાં પશ્ચિમ બંગાળના સંદેશખાલીમાં એક ટોળાએ ઈડીની ટીમ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના ઘણા સભ્યો ઘાયલ થયા હતા. આ ઘટના ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાંથી નોંધાઈ હતી.






અંબાજીની મૂર્તિ સાથે રથ અમદાવાદમાં અખબારનગર અને કેકેનગર રોડ પર ફર્યો હતો.

## વડોદરાના ડભોઈમાં હાર્ટ એટેકથી યુવકનું મોત

। (એજન્સી) ડભોઈ, તા.૨૯ ।

ગરમી વધવાની સાથે રાજ્યમાં હાર્ટ એટેકથી મોતના કિસ્સા પણ વધી રહ્યા છે. વડોદરાના ડભોઈમાં હાર્ટએટેકથી મૃત્યુનો કિસ્સો સામે આવ્યો છે. ડભોઈમાં ૩૮ વર્ષના યુવાનનું હાર્ટ એટેકથી મોત થયું હતું. જૈન વાગામાં રહેતા જતીન જૈન નામના યુવાનને ગઈકાલે રાત્રે છાતીમાં દુખાવા થયા બાદ મોત થયું હતું. મૃતક યુવાનના શરીરમાં કોઈપણ જાતની બીમારી નહોતી. યુવાનના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. થોડા દિવસ પહેલા મોરબીના ટંકારાના વાઘગઢ ગામે પુરુષ રાત્રે ઉંઘ્યા બાદ સવારે ઉઠ્યો જ નહોતો, જે બાદ સારવાર માટે હોસ્પિટલ લઈ જતાં ફરજ પરના તબીબોએ તપાસી મૃત જાહેર કર્યા હતા.

## બગસરા-જેતપુર હાઇવે પર મીની બસે પલટી મારી

। (એજન્સી) અમરેલી, તા.૨૯ ।

રાજ્યમાં અકસ્માતનો સિલસિલો વણથંભ્યો છે. આજે અમરેલીમાં બગસરા - જેતપુર હાઈવે પર મીની બસે પલટી મારી હતી. ખાનગી મીની બસમાં ૩૫ મુસાફરો હતા. જેમાં ૧૫થી વધુ લોકોને નાના-મોટી ઈજા પહોંચી હતી. અકસ્માતની ઘટનામાં બે વ્યક્તિના મોત નિપજ્યા હતા. ઈજાગ્રસ્ત મુસાફરોને સારવાર માટે જૂનાગઢ લઈ જવામાં આવ્યા હતા. અમદાવાદ મહેસાણા હાઈવે પર શેરથા ગામ નજીક ટ્રક અને જ્યુપીટર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં આશરે ૩૬ વર્ષીય યુવક નું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. અકસ્માતમાં અન્ય એક બાળક પણ ઈજાગ્રસ્ત થયો હતો. ઈજાગ્રસ્ત બાળકને સારવાર માટે સિવિલ ખેસેડાયો હતો. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ૯ મેથી ૧૨ જુન સુધી ઉનાળું વેકેશન રહેશે

## ગુજરાતમાં પ્રાથમિક શાળાઓમાં વેકેશનની તારીખ જાહેર કરાઈ

### તા.૧૩/૦૬/૨૦૨૪ થી રાબેતા મુજબ શાળાઓ શરૂ થશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વેકેશનની તારીખ જાહેર થઈ છે. જે મુજબ ૯ મેથી ૧૨ જુન રહેશે ઉનાળું વેકેશન રહેશે. આ વેકેશન ૩૫ દિવસનું રહેશે. ૧૩ જુનથી પ્રાથમિક શાળાઓ શરૂ થશે. નાયબ શિક્ષણ નિયામકે વેકેશનને લઈ પરિપત્ર જાહેર કર્યો છે. રાજ્યની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં દર વર્ષે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતા શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરમાં દર્શાવેલ તારીખ મુજબનુ ઉનાળુ અને દિવાળી વેકેશન રાખવામાં આવે છે. જે મુજબ રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓ, સરકારી અને ગ્રાન્ટેડ અધ્યાપન મંદિરો, બાલ અધ્યાપન મંદિરો, સ્વનિર્ભર પીટીસી કોલેજોમાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં નીચે જણાવેલ તારીખે ઉનાળુ વેકેશન નિયત કરવામાં આવેલ છે. ઉનાળુ વેકેશનનો સમયગાળો તા. ૦૯/૦૫/૨૦૨૪ થી તા. ૧૨/૦૬/૨૦૨૪ સુધી (૩૫ દિવસ) સુધી રહેશે. તા. ૧૩/૦૬/૨૦૨૪ થી રાબેતા મુજબ શાળાઓ શરૂ થશે.

લોકસભા ચૂંટણી પ્રક્રિયામાં યુનિ.ના અધ્યાપકો તથા કર્મચારીઓ જોડાયેલા છે અને મોટાભાગના અધ્યાપકો ચૂંટણી તાલીમ તથા વ્યવસ્થાની કામગીરીમાં જોડાયેલા હોવાથી અધ્યાપકોને વેકેશન તથા અન્ય વાર્ષિક મળવાપાત્ર રજાઓનો લાભ ન મળે તેવી પરિસ્થિતિ ઉભી થતા ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળ દ્વારા શિક્ષણ વિભાગને રજૂઆત કરાઈ હતી. જે અંતર્ગત રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીમાં આગામી તા.૯મી મેના રોજથી ઉનાળું વેકેશનનો પ્રારંભ થશે. ગત શુક્રવારે સરકાર તરફથી ઉનાળુ વેકેશનમાં ફેરફાર અંગે પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો. જે મુજબ શિક્ષણ વિભાગ દ્વારા તા.૯ મે ૨૦૨૪ થી ૨૩ જૂન ૨૦૨૪ કુલ-૪૬ દિવસ માટે ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. જો કે વિદ્યાનગરની સ.પ.યુનિ.માં સ્નાતક કક્ષા માટે ગત તા.૨૨મી એપ્રિલથી વેકેશનનો પ્રારંભ થયો હોવાથી સ્નાતક કક્ષાના તમામ કર્મચારીઓને તા.૨૯ એપ્રિલથી તા.૮ મે સુધી સંસ્થામાં હાજર રહેવા જણાવાયું છે અને મળેલી રજાઓની ગણતરી બાદ તા.૧૫ જૂનથી સ્નાતક કક્ષા માટે બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. જ્યારે અનુસ્નાતક કક્ષા માટે તા.૯ મે થી તા.૨૩ જૂન સુધી ઉનાળુ વેકેશન રહેશે. નવા શૈક્ષણિક સત્ર માટે એકેડમિક કેલેન્ડર જાહેર કરીને એવી સ્પષ્ટતા કરી છે કે, તમામ યુનિવર્સિટીઓએ ફરજિયાત આ એકેડેમિક કેલેન્ડરનું પાલન કરવાનું રહેશે.

### વંદેભારત ટ્રેન સાથે બનેલી વિચિત્ર ઘટના સામે આવી

## વંદે ભારત ટ્રેનના દરવાજા સુરત રેલવે સ્ટેશન પર ખૂલ્યા જ નહીં

। (એજન્સી) સુરત, તા.૨૯ ।

દેશભરમાં ગત વર્ષે દોડતી કરાયેલી વંદેભારત ટ્રેનના વિવાદોનો પાર આવતો નથી. આ ટ્રેનને જાણે કોની નજર લાગી હોય તેમ એક પછી એક ઘટનાઓનો ભોગ બની રહી છે. ત્યારે હવે વંદેભારત ટ્રેન સાથે બનેલી વિચિત્ર ઘટના સામે આવી છે. અમદાવાદથી મુંબઈ જતી વંદે ભારત ટ્રેનના દરવાજા સુરત રેલવે સ્ટેશન પર ખૂલ્યા જ ન હતા. આ કારણે ટ્રેન સુરત રેલ્વે સ્ટેશન પર છેલ્લા ૧ કલાકથી અટવાઈ હતી. આખરે મેન્યુઅલી દરવાજા ખોલ્યા બાદ આગળ જવા રવાના કરાઈ હતી.

અમદાવાદથી મુંબઈ જવા નીકળેલી વંદેભારત ટ્રેન આજે સવારે ૮.૨૦ કલાકે સુરત રેલવે સ્ટેશન પર આવી પહોંચી હતી. પરંતુ ટેક્નિકલ કારણોસર ટ્રેનના દરવાજા ખૂલ્યા ન હતા. આ કારણે ટ્રેનના મુસાફરો અટવાયા હતા. ન તો કોઈ અંદર જઈ શક્તુ હતું, ન તો કોઈ બહાર આવી શક્તુ નહતું. આ બાદ રેલવે તંત્ર દોડતું થયું હતું. મેન્યુઅલી ટ્રેનના દરવાજા ખોલવાનો પ્રયાસ કરાયો હતો. ટ્રેનમાં લાઈટ, એસી બંધ કરવા છતાં પણ દરવાજા ખૂલ્યા ન હતા. મેન્યુઅલી દરવાજા ખોલવા માટે રેલ્વે સ્ટાફ મજબૂર બન્યો હતો. ટ્રેનના સી ૧૪ કોચનો દરવાજો મેન્યુઅલી ખોલવામાં આવ્યો હતો. આમ, વંદે ભારત ટ્રેનમાં સુરત રેલ્વે સ્ટેશન પર ઊતરનારા તમામ મુસાફરોને સી ૧૪ કોચના દરવાજામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. જેના બાદ ટ્રેનને આગળ મુંબઈ જવા રવાના કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે, વંદે ભારત ટ્રેન જ્યારથી પાટા પટથી દોડતી થઈ છે ત્યારથી તેને અકસ્માતોનું ગ્રહણ લાગ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લીલીઝંડી આપ્યા બાદ વંદેભારત ટ્રેનના અકસ્માતો સતત ચર્ચામાં રહ્યાં છે.

### લીંબુના ભાવ સારા મળતા ખેડૂતો ખુશ

## ઘઉં, મગફળી અને બટાકાથી ઉભરાયું રાજકોટનું એપીએમસી

### આજે સૌથી વધારે બટાકાના પાકની આવક થઈ હતી

। (એજન્સી) રાજકોટ, તા.૨૯ ।

માર્કેટ યાર્ડમાં આજે ઘઉંની મબલક આવક થઈ હતી. ઘઉંની સાથે સાથે કપાસ, મગફળી, બટાકા, ટામેટા સહિતના પાકની પણ સારી એવી આવક થઈ હતી. રાજકોટ માર્કેટ યાર્ડમાં ખેડૂતોને માંગ્યા મોંઢે પાકનો ભાવ મળતા હોવાથી ખેડૂતો પોતાનો પાક લઈને વહેલી સવારથી જ પહોંચી જાય છે. ત્યારે આવો જાણીએ ખેડૂતોને ક્યાં પાકના કેટલા ભાવ મળ્યા હતા. રાજકોટ માર્કેટ યાર્ડમાં ઘઉંની ઢગલામોંઢે આવક થઈ હતી. યાર્ડમાં ટુકડા ઘઉંની આવક ૨,૦૦૦ ક્વિન્ટલ થઈ હતી. જ્યારે લોકવન ઘઉંની આવક ૯૦૦ ક્વિન્ટલ થઈ હતી. ભાવની વાત કરવામાં આવે તો ટુકડા ઘઉંનો એક મણનો ખેડૂતોને ૪૯૨થી ૫૮૯ રૂપિયા સુધીનો ભાવ મળ્યો હતો. જ્યારે લોકવન ઘઉંના ૪૮૫થી ૫૩૨ રૂપિયા સુધીના ભાવ બોલાયા હતા.

રાજકોટ માર્કેટ યાર્ડમાં આજે સૌથી વધારે બટાકાના પાકની આવક થઈ હતી. આજે રાજકોટ માર્કેટ યાર્ડમાં ૩,૯૫૦ ક્વિન્ટલ આવક થઈ હતી, જેના ખેડૂતોને ૩૦૦થી ૫૮૦ રૂપિયા સુધીના ભાવ મળ્યા હતા. આજે બટાકાની આવક વધારે થતાં યાર્ડ બટાકાથી ઉભરાયું હતું. યાર્ડમાં લીંબુના ભાવ ખેડૂતોને સારા મળતા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી. કારણ કે, ખેડૂતોને એક મણ લીંબુના ૧,૮૦૦થી ૨,૭૦૦ રૂપિયા ભાવ મળ્યા હતા. યાર્ડમાં આજે લીંબુની ૨૯૦ ક્વિન્ટલ આવક થઈ હતી. રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં સૂકી ડુંગળીના ખેડૂતોને ૧૧૦થી ૨૬૦ રૂપિયા સુધીના ભાવ મળ્યા હતા. આજે સૂકી ડુંગળીની ૩,૨૦૦ ક્વિન્ટલ આવક થઈ હતી. રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં ટામેટાની ૩૪૬ ક્વિન્ટલ આવક થઈ હતી, જેના ખેડૂતોને પ્રતિ મણના ૧૬૦થી ૩૧૦ રૂપિયા સુધીના ભાવ મળ્યા હતા. ટમેટાની સાથે સાથે મરચાની ૨૪૭ ક્વિન્ટલ આવક નોંધાઈ હતી. લીલા મરચાના ખેડૂતોને ૨૦૦થી ૫૦૦ રૂપિયા સુધીના ભાવ મળ્યા હતા. રાજકોટ માર્કેટ યાર્ડમાં તરબૂચની ૪૬૯ ક્વિન્ટલ આવક થઈ હતી, જેના ખેડૂતોને પ્રતિ મણના ૧૦૦થી ૩૨૦ રૂપિયા સુધીના ભાવ મળ્યા હતા. જ્યારે શક્કરટેટીની ૧૭૦ ક્વિન્ટલ આવક નોંધાઈ થઈ હતી, જેના ખેડૂતોને ૨૩૦થી ૪૨૫ રૂપિયા સુધીના ભાવ બોલાયા હતા. રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં આજે કપાસની ૨,૦૦૦ ક્વિન્ટલ આવક થઈ હતી, જેના ખેડૂતોને પ્રતિ મણના ૧,૩૦૦થી ૧,૫૭૩ રૂપિયા સુધીના ભાવ મળ્યા હતા.

### ભાવનગર જિલ્લામાં કેસર કેરીના બગીચા આવેલા છે

## ભાવનગરમાં કેસર કેરીની આવક શરૂ થઈ

। (એજન્સી) ભાવનગર, તા.૨૯ ।

ઉનાળામાં વિવિધ ફળ આવતા હોય છે. પરંતુ સૌથી વધુ કેરીની રાહ જોવાતી હોય છે. ઉનાળામાં કેસર કેરીનું આગમન થાય છે. કેસર કેરી લોકો ખાવાનું પસંદ કરે છે.

ઉનાળાની શરૂઆત થતા બજારમાં કેરી દેખાવા લાગી છે. હાલ બજારમાં ઓછા પ્રમાણમાં તમામ પ્રકારની કેરી દેખાઈ રહી છે. ભાવનગર જિલ્લામાં કેસર કેરીનું આગમન થયું છે. ભાવનગર જિલ્લામાં કેસર કેરીનો ભાવ એક મણના ૧૩૦૦ રૂપિયાથી ૨૭૦૦ રૂપિયા સુધી પહોંચ્યો છે.

ભાવનગરના તળાજા અને જેસર કેસર કેરીનો ગઢ ગણવામાં આવે છે. ભાવનગર જિલ્લાના તળાજા, જેસર, મહુવા સહિતના તાલુકામાં કેસર કેરીના બગીચા આવેલા છે અને હાલ કેસર કેરીને આવક શરૂ થઈ છે. મહુવા તાલુકા ના સ્થાનિક વેપારીએ જણાવ્યું કે, ભાવનગર જિલ્લાના ફ્રૂટ માર્કેટમાં કેસર કેરીની આવક શરૂ થઈ છે. મહુવા માર્કેટિંગ યાર્ડમાં અથાણા કેરી તથા મુરબ્બાની કેસર કેરીની આવક શરૂ થઈ છે. કેસર કેરીનો ભાવ ૧૩૦૦ રૂપિયાથી ૨૭૦૦ રૂપિયા સુધી નોંધાયો હતો. સરેરાંશ ભાવ ૨૩૦૦ નોંધાયો હતો. હાલ કેસર કેરીની માંગ આવક થતાની સાથે જ વધવા લાગી છે અને મોટી માત્રામાં લોકો કેસર કેરીની ખરીદી કરી રહ્યા છે.

ભાવનગર જિલ્લામાં હાફૂસ કેરીની પણ આવક નોંધાય છે. હાફૂસ કેરીનો ભાવ ૧૬૫૦ રૂપિયાથી ૨૫૫૦ રૂપિયા નોંધાયો હતો અને સરેરાશ ભાવ ૨૩૦૦ રૂપિયા નોંધાયો હતો. ભાવનગર જિલ્લામાં ૯૦૦૦ હેક્ટર જમીન કરતાં પણ વધારે વાવેતર છે અને મોટી માત્રામાં આંબાની કલમો તૈયાર કરી અને ગુજરાત બહારના રાજ્યમાં મોકલવામાં આવે છે. જેથી મોટાભાગના ખેડૂતો બાગાયતી પાક કરી અને લાખો રૂપિયાની આવક પણ મેળવે છે.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨